
# સહજ-સત્સંગ

અંક : ૨૩૯ વર્ષ : ૨૦ કાર્યકારી તંત્રી : માનસિંહભાઈ ચાવડા નવેમ્બર : ૨૦૦૮



**મગરૂર હું !**

હુ તનુજા મીરાંબા તણી, દેખુ ભલે પળ વિપરીત ઘણી,
તમે જીવન તણાં ધણી, તો દરકારશી ભયની વળી.




## શ્રી માતાજી

આદ્યાશક્તિ જગદંબિકા, સૃજન-શક્તિ ચૈત્યાત્મિકા ।
ઈશ્વરેચ્છાનુસારેણ, સાધના ત્વયા કોષે કૃતા ॥

# પ્રાર્થના અને ધ્યાન

(રાધાની પ્રાર્થના)



## Radha's Prayer

O Thou, Whom at first Sight I Knew for the Lord of my being and my God, receive my offering.

Thine are all my thoughts, all my emotions, all the sentiments of my heart, all my sensations, all the movements of my life, each cell of my body, each drop of my blood. I am absolutely and altogether Thine, Thine without reserve. What Thou will of me, that I shall be. Whether Thou choose for me life or death, happiness or sorrow, pleasure or suffering, all that comes to me from Thee will be welcome. Each one of Thy gifts will be always for me a gift divine bringing with it the supreme Felicity.

This issue is sponsered by
Vandanaben Purani on her Sixty First Birthday.

મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ સંચાલિત,
મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિંદ અને શ્રી માતાજીના
યોગ દર્શનની સાદી સરળ ભાષામાં સમજણ
આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

# સહજ-સત્સંગ

અંક : ૨૩૯ વર્ષ : ૨૦

નવેમ્બર - ૨૦૦૮

સંસ્થાપક અને આદ્યતંત્રી
**સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

---

કાર્યકારી તંત્રી -
**માનસિંહભાઈ ચાવડા**
૭, સાનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક,
ઈન્કમટેક્સ ઑફિસ પાછળ,
રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
**મો. ૯૮૨૪૩ ૭૩૯૨૯**

---

ટ્રસ્ટી મંડળ :
**ભારતીબેન ત્રિવેદી**
**હર્ષદભાઈ ઠકરાર**
**લલિતભાઈ ઉપાધ્યાય**
**કમલેશભાઈ માંડવિયા**

---

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી,
કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

સંપર્ક માટે :
**શ્રી હર્ષદભાઈ ઠકરાર**
મોબાઈલ : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ
**લા ક્રિએટા**
ફોન : ૨૪૬૫૦૭૮ - રાજકોટ

: Editor :
**"Sahaj Satsang"**
"Arpan", 259, Vrindavan Society,
Kalawad Road, Rajkot - 360 005



લવાજમ
**વાર્ષિક માતૃચરણે અર્પણ**
વાર્ષિક રૂ. ૧૦૦/-

કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ.
એકાઉન્ટ પેયી ચેક/ડ્રાફ્ટ/પોસ્ટલ ઑર્ડરથી

**મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ-'રાજકોટ ના નામે મોકલશો.**

(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિંદના
લખાણો તથા તસ્વીરો શ્રી અરવિંદ આશ્રમ
ટ્રસ્ટ - પોંડિચેરીના કોપી રાઈટ છે.)

# પ્રાર્થના અને ધ્યાન

- માન

ઓ પ્રભુ,
કે જેને મેં પ્રથમ દર્શને
મારા અસ્તિત્ત્વના સ્વામી
અને મારા દેવ તરીકે પીછાણી લીધા હતા,
આપ મારું અર્પણ સ્વીકાર કરો.
મારા સર્વ વિચારો,
મારી સર્વ ઊર્મિઓ,
મારા હૃદયની સર્વ લાગણીઓ,
મારી સર્વ ઈન્દ્રિજન્ય સંવેદનાઓ,
મારા પ્રાણની સર્વ ગતિવિધિઓ,
મારા શરીરનો પ્રત્યેક કોષ,
અને મારા રક્તનું પ્રત્યેક બિન્દુ
બધું આપનું જ છે.
હું પરિપૂર્ણપણે
અને સમગ્રતયા આપની છું,
નિઃશેષ પણે ત્વદીય.
મારે માટે આપ જે ઈચ્છા કરશો
તે હું બની રહીશ.
આપ જે મારે માટે પસંદ કરશો
જીવન કે મૃત્યુ,
સુખ કે દુખ
પ્રમોદ કે પીડા,
આપ તરફથી જે બધું મને આવી મળશે
તેને હું આવકારીશ
આપની સર્વ ભેટ સોગાદોમાંની પ્રત્યેક

મારે માટે સદા બની રહેશે

પોતાની સાથે પરમ આનંદ ને લઈ આવનાર

દિવ્ય બક્ષીસ. (ભાષાંતર - શ્રી કૈવલ્યભાઈ સ્માર્ત)

માતાજી રાધામય બની ગયા છે. રાધાને ભાગવત ધર્મમાં લ્હાદિની શક્તિ કહ્યાં છે. આલ્હાદ, આનંદ આપનારી શક્તિ તે રાધા. રાધતેના બે અર્થ છે. ભાવભક્તિમાં જ આનંદ પામવું અને પૂર્ણ - સમર્પણ દ્વારા આરાધન કરવું. બન્ને અર્થમાં રાધા રાધા જ છે.

પૂર્ણ-સમર્પણભાવની જ આ પ્રાર્થના અને ધ્યાનમાં અભિવ્યક્તિ હોવાથી આ પ્રાર્થનાને રાધાની પ્રાર્થના એવું નામ પડેલું છે, જે ખરેખર સાર્થક છે.

સાવિત્રીમાં ચૈત્યપુરુષની આપસી પરસ્પર ઓળખાણ બાબતમાં સુંદર ઉપમા છે. જેમ આમ્રવૃક્ષની ઘટાઓમાં ટહૂકો કરતી કોયલને ન દેખાતી હોવા છતાં અન્ય કોયલ ટહૂકાથી જવાબ આપે છે, તેમ એક ચૈત્યપુરુષની અભીપ્સા બીજાને ન જોતા હોય, ન ઓળખતા હોય, તો પણ સ્પર્શી જાય છે. તેઓમાં પરસ્પર આત્મિયતાનો ભાવ જાગે છે.

વૃષભાનુની કન્યા રાધાએ જ્યારે ગોકુળમાં પ્રથમ વખત જ મુરલીધર માધવને જોયાં ત્યારે આવી જ કાંઈક ઘટના ઘટીત થઈ રાધાને તે પોતાના આત્મસ્વરૂપ લાગ્યાં. પોતાના આરાધ્ય લાગ્યા. એક, આનંદમય પુરુષ હતાં. બીજી હતી, આનંદમય પ્રકૃત્તિ. બન્નેનો સંયોગ સહજ નહી પણ અનિવાર્ય અને ઈચ્છનીય હતો.

આ આત્માની એકાકારતામાંથી જ રાધાની પ્રાર્થના સરી પડી. જાણે હિમાલયમાંથી ઉછળતી કુદતી મંદાકિની, હરદ્વારે મળવા ન જતી હોય !

રાધાના દિવ્યભાવોની, સમગ્ર સમર્પણની સરવાણી આવી હતી.

''મારા આત્માના સ્વામી, મારા સર્વસ્વ સ્વરૂપ મારા પ્રભુ, તમને જોતાં જ પ્રથમ દર્શને જ હું તમને ઓળખી ગઈ. મારું આ સર્વાંગી સમર્પણ સ્વિકારો.

શ્રી માતાજીનો શ્રી અરવિંદ પ્રત્યેનો પ્રથમ-દર્શનનો ભાવ આવો જ કંઈક હતો !

અહિં આત્માનું પરમાત્મા સાથેનું ચિરમિલન હતું. જુગાનુજુગથી વિખૂટા પડી ગએલાનો આ વિરહાગ્નિ હતો. સમુદ્રમાં સમાઈ જતી, વિલીન થઈ જતી, એકરૂપ બની જતી, નદીનો આ ભાવાવેશ હતો. પ્રભુ, તમને હવે ઓળખી લીધાં છે. હે મારા આત્મન્. મારા વિચારો સ્વરૂપે તું જ મને દર્શન દેતો હોય છે. મારા

ભાવ-પ્રવાહો પણ તારું જ રૂપ છે. મારી સંવેદનાઓ પણ તારા રૂપ જ છે. મારી ક્રિયાઓ પણ તારા જ અવનવા દર્શન છે. ગુપ્તવેશે તું મારી સામે પ્રગટ થતો જ રહ્યો અને હું ગાંડી, તને ઓળખી શકી નહિં ! આજે અચૂક ઓળખી ગઈ છું.

સપ્તશતીનો નવાર્ણવમંત્રમાં આજ વિભાવના જોવા મળે છે. હે વૈશ્વિક સ્વરૂપે (ચંડ=પ્રચંડ) અને વ્યક્તિ સ્વરૂપે (મુંડ) પ્રગટ થતી મા ચામુંડા તું મારા વિચારો (ઐં) દ્વારા (વિચ્ચે) ભાવો દ્વારા (હ્રીં) ક્રિયાઓ દ્વારા  (કલીં) પ્રગટ થઈ રહી છે. તને નમસ્કાર હો, નમસ્કાર હો (નમઃ)

યા દેવી સર્વ ભૂતેષુ ક્ષમારૂપેણ, શાંતિરૂપેણ સંસ્થિતા । નમસ્તસ્મૈ, નમસ્તસ્મૈ, નમસ્તસ્મૈઃ નમો નમઃ ।।

''બધું જ પ્રભુમય બની ગયું છે. બધું જ પ્રભુની લીલા છે. જ્યાં જોઉં ત્યાં ચૈતન્યનો જ વિલાસ, ક્રિડા ચાલી રહી છે. મારા શરીરનાં કોષે કોષમાં પ્રભુ તારો જ પ્રકાશ છે. મારા રક્તના બુંદે બુંદમાં તારો જ આવેગ છે.

પ્રભુ હું સર્વસ્વે અને કાયમી સ્વરૂપે તારી જ છું. હું હવે હું નથી. ફક્ત છે તું, તું અને તું જ. મારું પોતાનું કાંઈ નથી. સર્વસ્વે તારી છું. પ્રભુ ! પ્રભુ, તમે જે મને ઘાટ આપશો તે ઘાટ હું લઈશ. પછી ભલે તે જીવન હોય કે મૃત્યુ, સુખ કે દુઃખ. સગવડતા કે અગવડતા ! પ્રભુ, બધુ જ તારી ભેટ હશે. અને તેથી મને તે અતિ-પ્રિય હશે. દરેક ભેટ માત્રમાં મને તારો પ્રેમ છલકાતો દેખાશે. તારો સુખદ સ્પર્શ અનુભવાશે. તારી કૃપાનાં મને દર્શન થશે.''

શાસ્ત્રોમાં આને કહ્યું છે નિર્ભરા-ભક્તિ. સર્વસ્વે પ્રભુ ઉપર જ નિર્ભર રહેવું, આશ્રિત રહેવું. તેના આધારે જ જીવવું. અન્ય કોઈનો આધાર જ ન લેવો. આને કહે છે અવ્યભિચારિણી ભક્તિ. અવ્યભિચારિણી એટલે પતિવ્રતા નારી. તેના જેવી નિષ્ઠા હશે આ ભક્તની !

રાત અને દિવસ, પળ અને ઘટીકા, પ્રભુ તારા જ વિચારો, ભાવો અને કર્મોથી રંગાએલાં હશે. શ્વાસે શ્વાસે તારું જ સ્મરણ રહેશે. વિસ્મરણ એ મારું મોત બની જશે. આ સતત સજાગ, અને અભીપ્સાનો ધગધગતો અગ્નિ ચિત્તના હવન-કુંડે સતત જલતો રહેશે.

વિરહિણી રાધાનું આ સર્વસ્વ, સર્વાંગી સમર્પણ સ્વીકારી લે પ્રભુ, સ્વીકારી લે.....

મારા જીવન - સર્વસ્વ, હ્રદયેશ્વર, આ કાલીઘેલી રાધાની આરજુ હવે તો સ્વીકાર. તેણે તો લોકલાજ ખોઈ છે. કુટુંબીઓનાં મેણાંટોણાં સહ્યે રાખ્યાં છે.

બદનામીનો જુવાળ કોઈ  વખત શાંત પડયો નથી. ગેરસમજો અને ના-સમજીના ઝંઝાવાતો ફુંકાતા જ રહ્યાં છે; પણ મારા જીવનનાં નાથ, તારો પેલો આંતરિક સાદ સાંભળતા જ, પેલો બંસરીનાદ સાંભળતા જ, રાધા ફરી જેવી છે તેવી જ બની જાય છે, ગાંડી ઘેલી !

મારા પ્રભુ, આ સંસાર સમુદ્રની હડફેટો દ્વારા શું તું મને ઘડી રહ્યો છે ? કોઈ ભવિષ્યના તારા આયોજનને પાર પાડવાં !

પ્રભુ તારો જય હો, તારું જ આયોજન સફળ રહે. મારી અપેક્ષાઓ નહિં.'' રાધા ડુસકે ડુસકે રડી પડી.

મૌન રાધાનો આર્તનાદ સર્વાંગી સમર્પણમાં સમાઈ ગયો. શાંત બની ગયો. પ્રભુમય બની ગયો.

રાધા માધવ બની રહી. પ્રકૃતિ દિવ્ય થઈ પુરૂષનો જ વિસ્તાર બની ગયો. બન્નેનું સાયુજ્ય સાલોકમાં, સાલોક સારૂપ્યમાં, અને સારૂપ્ય એકરૂપતામાં વિલીન થયું. સાયુજ્ય એટલે ભીન્ન છતાં સાથે જોડાએલાં રહેવું, સાલોક એટલે બન્નેનાં આલોક, કાંતિ, વિચારો, ભાવનાઓ સમાન બની જવાં. સારૂપ્ય એટલે બન્નેનાં બાહ્ય રૂપો પણ સમાન બની જવાં; અને એકરૂપતામાં તો સમાનતાની ભેદરેખા જ ભૂંસી નાખવામાં આવે છે. રાધા, રાધા મટી જાય છે. માધવ જ બની રહે છે, ફક્ત માધવ !

પ્રકૃતિની ચૈત્યપુરુષ દ્વારા રૂપાંતર પામવાની તીવ્ર ઝંખના, અભીપ્સા જ રાધાની પ્રાર્થના તરીકે પ્રગટ થઈ છે. પ્રકૃતિને ચૈત્યપુરુષ જ પરમાત્માનાં ચરણે જઈ ધરે છે. પ્રકૃતિ ચૈત્યપુરુષ દ્વારા જ પોતાની પ્રાર્થના રજુ કરે છે.

## નૂતન વર્ષાભિનંદન

અચેતન તત્ત્વે ધારણ કરેલ અચિત્‌ના અંધકારને સભાન અભીપ્સાના પ્રકાશથી ઉલેચવાનો પ્રયત્ન એ જ દિપાવલી મહોત્સવ. અચેતનમાં ફેલાતો સભાનતાનો પ્રકાશ ત્યાં પોઢેલા વિષ્ણૂને પોતાની દૈવિ-સંપત્તિ સ્વરૂપ 'શ્રી'ને પ્રગટ બની લક્ષ્યમાં આવે એવું 'લક્ષ્મી' સ્વરૂપ આપવાની પ્રેરણા આપે છે.

આવા જગન્માતા મહાલક્ષ્મીના, આપના હૃદયમાં ચાલતા નિત્ય-યજ્ઞને અમારા ટ્રસ્ટી-મંડળનાં લાખલાખ વંદન. - ટ્રસ્ટી મંડળ

# શ્રી અરવિંદોપનિષદ

(પ્રકરણ - ૭)

ઉદારં વાનુદારં વા ॥

- માન



**અસીમ પણ તે જ છે અને સીમિત પણ તે જ છે. તેથી તે જ વિપુલરીતે અને અલ્પરીતે બન્ને રીતે પોતે જ પોતાને પ્રગટ કરે છે.**

ઉદાર વ્યક્તિને ઘણા બધા લોકો પોતાના સ્વજન જેવા લાગે છે. જ્યારે અનુદાર લોકોને બધા જ પારકા અને અલગ લાગે છે. ઉદાર વ્યક્તિની ચેતના વિશાળ હોય છે. અનુદાર અને સ્વાર્થીની ચેતના સંકુચિત હોય છે. તેથી શ્રી અરવિંદે અહિં અસીમ ચેતના માટે ઉદાર અને સંકુચિત ચેતના માટે, અનુદાર શબ્દ વાપર્યો છે. આ આ શબ્દોનો એક અર્થ છે.

પરમ-ચેતનાને કોઈ મર્યાદા નથી, તે રૂપો ધારણ પણ કરી શકે છે અને અરૂપ પણ રહી શકે છે. તેની દૃષ્ટિએ તેમાં કોઈ તફાવત પડતો નથી.

આ જગત નામરૂપોથી ભરપૂર છે. આપણે આવા જગતને જ સત્ય કહીએ છીએ. નામરૂપ વગર અસ્તિત્ત્વ શક્ય જ નથી, એવી આપણી માન્યતા હોય છે. નામરૂપ વગરનું એટલે 'અસત્' વસ્તુ એમ જ આપણને લાગે છે.

નામરૂપ તેને જ હોય છે જેને આકાર હોય, રંગરૂપ હોય. આપણા બધાને નામ પણ છે અને રંગરૂપ પણ છે. જો આ આકાર અને નામરૂપ નષ્ટ થવા માંડે તો

આપણને લાગે છે કે આપણે મૃત્યુ પામી રહ્યા છીએ. આપણું અસ્તિત્ત્વ ભુંસાઈ રહ્યું છે. આપણે સત્ છીએ તેમાંથી અસત્‌માં પ્રવેશી રહ્યાં છીએ. અસ્તિત્વમાંથી અસ્તિત્વશૂન્ય બની રહ્યાં છીએ.

તેથી વૈદિક ઋષિ મજાકમાં એક સૂક્ત લખે છે, કાવ્ય લખે છે અને તેની દ્વારા સમજાવવા માંગે છે કે નામરૂપ ચાલ્યું જાય તો પણ અસ્તિત્વ તો રહેજ છે. દા.ત. અમાસની રાત્રે ઓરડામાં ઘનાંધકાર છવાઇ ગયો હોય ત્યારે ઓરડામાંની વસ્તુઓનાં નામરૂપ જાણે ઢંકાઈ જાય છે. બધું જ અંધકારમય અને શૂન્ય બની જાય છે. પણ તેવું ખરેખર હોતું નથી. નામરૂપ ત્યાં હોય જ છે. વસ્તુઓ બધી હોય જ છે. ફક્ત તે અવ્યક્ત બની. જાય છે, જ્યારે તે અવ્યક્ત હોય છે ત્યારે નામરૂપ વિનાની લાગે છે. જ્યારે વ્યક્ત થાય છે ત્યારે નામરૂપ ધારણ કરે છે. તેથી રાત્રી જાણે અવ્યક્ત અવસ્થા છે અને દિવસ જાણે વ્યક્ત અવસ્થા છે. તેમ પરમ-ચેતનાની અવ્યક્ત અવસ્થાને આપણે રાત્રી અથવા 'અસત્' કહી શકીએ. અને તેની વ્યક્ત અવસ્થાને આપણે 'દિવસ' કે 'સત્' કહી શકીએ. આ સૂક્તનું નામ છે 'રાત્રી-સૂક્ત'

હવે આ ઋષિ જણાવે છે કે જગત નિર્માણ થયું તે પહેલાં બધું જ અવ્યક્ત હતું અર્થાત રાત્રી સ્વરૂપ હતું. અસત્ સ્વરૂપ હતું. જ્યારે તે વ્યક્ત થાય છે, ત્યારે તે દિવસ સ્વરૂપ, સત્ સ્વરૂપ બની જાય છે. તેથી તે બન્ને છે. સત્ પણ છે અસત્ પણ છે. તે પ્રકાશ પણ છે અને અંધકાર પણ છે. તે બન્ને છે.

પરમ-ચેતના, બ્રહ્મતત્ત્વ, આવી રીતે અવ્યક્ત અવસ્થામાં નામરૂપ વગરનું રહી શકે છે. તે નિરાકાર રહી શકે છે. શ્રી અરવિંદની ભાષામાં તે 'ઉદાર' રહી શકે છે. વ્યક્ત અવસ્થામાં તે સાકાર બની શકે છે. નામરૂપ ધારણ કરી શકે છે અર્થાત 'અનુદાર' બની શકે છે.

પરમ-ચેતના જ્યારે અહંકાર વગરની હોય છે ત્યારે તે ઉદાર હોય છે. વિશાલ હોય છે. જ્યારે તે અહંકારથી સીમિત થાય છે ત્યારે તે સંકુચિત બને છે. પણ આ બન્ને અવસ્થા પરમ-ચેતનાની જ છે.

ઉત્ક્રાંતિ દ્વારા આવી સંકુચિત ચેતના ધીમે ધીમે વિશાલ થવા માંડે છે. તે વધારેને વધારે સારી અને સાચી રીતે પ્રગટ થવા માંડે છે. જડતત્ત્વમાં તે અણુ સ્વરૂપમાં કેદ હોય છે. ખૂબજ સીમિત હોય છે. તે અણુમાંથી દ્રવ્યો બને છે ત્યારે તે થોડી વધારે વિશાલ થાય છે. દ્રવ્યોના મિશ્રણથી તેની વિશાલતા વધે છે. તેમાંથી એમીબાથી માંડી માનવ સુધીનો તે વિકાસ સાધ્ય કરે છે. ભૌતિક - વિશાલતાને

બદલે હવે ચેતનાની વિશાળતાનો માર્ગ સ્વિકારવામાં આવે છે. માનવ પોતાની ચેતનાને કુટુંબ પુરતી વિશાલ કરે છે. પછી શેરી પુરતી, પછી ગામ પુરતી, પછી રાજ્ય પુરતી, પછી દેશ પુરતી, પછી પૃથ્વી પુરતી, પછી સૂર્યમંડળ પુરતી અને આખરે સમસ્ત બ્રહ્માંડમાં ચેતનાને ફેલાવી દે છે. આ પ્રવાસ હજી તો નામરૂપનાં ક્ષેત્રનો જ થએલો હોય છે. હવે નિરાકારમાં પણ પ્રવેશે છે અને અંતે નિરાકાર અને સાકાર બન્નેમાં પ્રવેશી પુરુષોત્તમ - ચેતના સ્વરૂપ બની જાય છે. સારાંશ ઉત્ક્રાંતિ અનુદારતા તરફથી ઉદારતા તરફનો પ્રવાસ બની જાય છે.

શાસ્ત્રોમાં આ બધા તબક્કાઓને 'દેવતા' સ્વરૂપ, પ્રભુનાં જ સ્વરૂપો ગણ્યાં છે. તેથી તેઓ વાસ્તુદેવતા, સ્થાન દેવતા, ગ્રામ દેવતા, રાષ્ટ્ર દેવતા, પૃથ્વીમાતા, સૂર્યનારાયણ અને બ્રહ્માંડ સ્વરૂપ વિશ્વપુરૂષોનું વર્ણન કરે છે. સંકુચિત ચેતનાના એકમને 'વ્યષ્ટિ' ચેતના કહે છે. તેના ઉપરની વિશાલ ચેતનાને 'સમષ્ટિ' ચેતના કહે છે. વ્યષ્ટિ-ચેતના સમષ્ટિ ચેતનાનો અંશ હોય છે. આમ સમગ્ર બ્રહ્માંડ એ ચડતાક્રમે ચેતનાના એકમોનો પિરામિડ બની જાય છે. વ્યષ્ટિ ચેતના એટલે વિશેષ રૂપે અસ્તિત્વ ધરાવતી ચેતના (વિ+અસ્તિ) જ્યારે પણ કોઈ ચેતના રુપ ધારણ કરે છે ત્યારે તેને પુરૂષ કહેવામાં આવે છે. તે એક એકમ તરીકે કામ કરે છે, જીવે છે. અને વિકાસ પામે છે. આમ એક પુરૂષ બીજા વિશાલ પુરૂષનો જાણે શારીરિક કોષ બની જાય છે. આવા પુરૂષોનો પિરામિડ એટલે પરમ-ચેતના. આ બધા પરમ-ચેતનામાં જ હોય છે. ચેતનાનાં અંશો જ છે.

શ્રી અરવિંદ સતત અખંડ ભારતનો આગ્રહ શા માટે રાખતા હતાં એ આથી સમજાશે. યુગાનુયુગથી આપણા ભારત દેશનું એક ચિન્મય સ્વરૂપ રચાયું છે. શ્રી અરવિંદ તેને ભારતમાતા કે 'ભારતી' કહેતા. આ ચૈતસિક સ્વરૂપ પોતાના ભૌતિક સ્વરૂપની પણ અખંડીતતા જાળવી રાખે તો તે સમર્થ થઈને પોતે કાર્ય કરી શકે છે. દુર્ભાગ્યે આપણા ભારતમાતાના ભૌતિક દેહના ત્રણ કટકા થઈ ગયાં છે. ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશ. જ્યાં સુધી આ ત્રણે અંગો સંધાશે નહિ ત્યાં સુધી ભારતમાતા લકવા ગ્રસ્ત જ રહેવાની છે. તે પોતાની વિશેષતાઓ પ્રગટ નહિં કરી શકે. પ્રભુએ તે ત્રણેને જોડવાનો નિર્ણય લઈ જ લીધો છે, પણ તે ક્યા સ્વરૂપે જોડાશે તે આપણે જાણતાં નથી. પણ આ જોડાણ ઓછું વિનાશક નિવડે એ તો જરૂર ઈચ્છીએ છીએ.

સારાંશ સીમિત નામરૂપ ધારક ચેતના દ્વારા પણ પેલી પરમ-ચેતના જ વ્યક્ત થતી હોય છે અને અનામી, નિરાકાર, અરૂપ ચેતના દ્વારા પણ તે જ તત્ત્વ પ્રગટ

થાય છે. આ તો આવિર્ભાવનો તફાવત છે. ચેતનાનો નથી. પાણી નદીનું હોય કે કુવાનું હોય કે બોરનું. પાણી તો પાણી જ છે.

આ ઉદાર અને અનુદાર શબ્દો શ્રી અરવિંદે શા માટે વાપર્યા ? તેનાં કરતા સાકાર અને નિરાકાર પ્રચલિત શબ્દો શા માટે નથી વાપર્યા ? તેની પાછળનું રહસ્ય નીચે મુજબનું છે.

ચેતના જેટલી સીમિત અને સંકુચિત આકારની તેટલી તે પરમ-ચેતનાને વ્યક્ત કરવામાં ઉણી ઉતરે છે. તેથી જાણે પરમ-ચેતનાને વ્યક્ત કરવામાં, આંતર-વૈભવ, આંતરશ્રી, પ્રગટ કરવામાં જાણે અનુદાર છે. કરકસર રાખે છે એવું દેખાય છે ખરેખર તે કરકસર તરીકે જ પરમ-ચેતનાને ઓછી વ્યક્ત કરે છે. તેમાં પણ પરમ-ચેતનાને પૂર્ણરીતે પ્રગટ કરવાની પૂર્ણ-ક્ષમતા છે. કારણ પરમ-ચેતના તો 'અણોરણિયાન્' છે. અર્થાત અણુમાંનો પણ પરમાણુ છે. તેથી શ્રી અરવિંદને મતે તે પરમ-ચેતનાને પ્રગટ કરવા સક્ષમ નથી, એમ કહેવા કરતાં તે જાણી જોઈને જાણે કરકસરથી ઓછી પ્રગટ કરે છે, આ ભાવ પ્રગટ કરવા 'અનુદાર' શબ્દ જ યોગ્ય ગણાય. શ્રી અરવિંદ સૂચવે છે કે દરેક વસ્તુ દ્વારા પ્રભુનું જેટલું સ્વરૂપ ખમી શકાય તેટલા પ્રમાણમાંજ પ્રભુ પોતે વ્યક્ત થાય છે.આ સમજી શકીએ તો ઉદાર શબ્દનો અર્થ વધારે મુક્ત રીતે પરમ-ચેતનાને પ્રગટ કરવી એવો સાહજીક રીતે થશે. શ્રી અરવિંદ યોગ્ય શબ્દો વાપરવામાં માહેર હતાં. તેમણે આ શબ્દ ગીતાનાં અધ્યાય ૭ શ્લોકો ૧૮ ઉપરથી લીધો હોવાની શક્યતા છે જેમાં આર્ત જીજ્ઞાસુ અર્થાર્થી ભક્તોને 'ઉદારાઃ' તરીકે વર્ણવેલ છે. ત્યાં 'ઉદારાઃ' એટલે વધતા ક્રમે સમર્પિત એવો અર્થ થાય છે.

તેથી સાધક તરીકેની આ બાબતની આપણી ભૂમિકા જ બદલાઈ જાય છે. શ્રી અરવિંદ સાધકોને સમજાવે છે કે નામરૂપધારી ચેતનાને પણ કોઈ વ્યક્તિ સ્વરૂપ પારકી ન ગણતા કે અપૂર્ણ ચેતના ન ગણતા તેને પણ પ્રભુનું જ પ્રચ્છન્ન સ્વરૂપ સમજી આવકારતા અને પ્રેમ આપતા શીખવું પડશે. નિરાકાર બ્રહ્મને પણ તેમ જ સમજવું. સાકાર કે નિરાકારતાથી આપણા ભાવમાં કોઈ તફાવત ન પડવો જોઈએ.

આવી રીતે સાકાર ચેતનાને અને અધુરી અભિવ્યક્તિને પણ સત્ય માનશું તો તેથી આના આગળનું પગલું ભરીને જગતને પણ સત્ય અનુભવતા આપણે શિખી શકશું. જગત પણ પ્રભુનું જ સ્વરૂપ છે. આવો ભાવ કેળવવો એ જ વાસુદેવઃ સર્વમિતિની અનુભૂતિ છે.

# આગામી ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીની વેબસાઈટમાંના Next Future ઓક્ટો.૦૮ ઉપર આધારિત-સાભાર)

માનવ માત્ર કોઈ સંસ્થા કે સમિતિ કે સલ્લાગાર સમિતિ કે સમુહ કે ગેંગનો સદસ્ય હોય જ છે. કાંઈ નહિં તો કુટુંબ સંસ્થા સદસ્ય જરૂર હોય છે. આવા સમુહો સામાજીક કાર્ય માટે કે ધંધાકીય હેતૂ માટે, કાંઈ નહિ તો ઈન્ટરનેટ ઉપરની ગપસપનું મનોરંજન મેળવવા હોય છે. આવા સામાજીક ઉપયોગને ધ્યાન બહાર રાખીએ તો પણ માનવ એક સામુહિક-પ્રાણી છે, એ નિશ્ચિત. ટેકનોલોજીના વિકાસ સાથે ચાલી આવી સામુહિકતા તો હવે અનિવાર્ય બની ગઈ છે. ધર્મ સંસ્થા પહેલા માનવને આવી સામુહિક-હૂંફ આપતી પણ તે હવે નિષ્પ્રભ બની ગઈ છે. તે હવે ઓળખાણ રહી નથી. તેથી માનવ નાના એવા સમુહનો સદસ્ય બની જ રહે છે. તેથી તેને પોતાની ઓળખાણ, સ્વાભિમાન અને થોડીઘણી સુખસગવડ કે સુવિધા મળી જ રહે છે.

આવી સંસ્થામાં જોડાવાના ધારાધોરણો શું હોવા જોઈએ એ મહત્વની વસ્તુ છે. પ્રથમ તો આપણી પ્રકૃત્તિને તે અનુરૂપ હોવી જોઈએ. તે સમૂહના કાર્યનું આપણને ખેંચાણ હોવું જોઈએ. બીજું તે સંસ્થાને લીધે આપણી સુપ્ત ક્ષમતાઓ વિકસવી જરૂરી છે. તેવું અનુરૂપ અને અનુકુળ વાતાવરણ મળવું જોઈએ. સહુથી મહત્વનો મુદ્દો એ છે કે તે વ્યક્તિને કારણે સંસ્થામાં કોઈ નૂતન મૌલિકતા ઉમેરાવી જોઈએ. ફક્ત એક કાયદેસરના સદસ્ય બનવાથી નથી ફાયદો તે વ્યક્તિને કે નથી સંસ્થાને. તે સંસ્થાને વધારે સક્રિય કે સમૃદ્ધ કરી શકીએ તો જ તે કામનું છે. જો આ શક્ય ન હોય તો તે સમૂહ ત્યાગવો જ જરૂરી છે. એટલું જ નહિં આપણા કરતાં વધારે સક્ષમ વ્યક્તિ આપણી જગ્યાએ આવતી હોય તો તે હોદ્દો કે જગ્યા આપણે સ્વેચ્છાએ ત્યાગવી જોઈએ.

ફક્ત સામુહિકતા નહિં પ્રામાણિકતા પણ જરૂરી છે. તેથી સંસ્થા વ્યક્તિ અને સમાજની ઘણી વિપદાઓ પોતાની મેળે શમી જશે.

પોતિકાપણાની ભૂખ સંતોષવા એટલું જ જાણવું જરૂરી છે કે આપણે પેલા એક પરમ-પ્રભુના જ પોતાનાં છીએ, તો આ પોતિકાની શોધ ત્યાં પૂરી થઈ જશે.

(આપણે પરમ-પ્રભુનાં જ રૂપો હોવાથી તેના જેવી જ વિશાળતા અને અસીમતાના ભૂખ્યા હોઈએ છીએ. સંસ્થાના સદસ્ય બનવાથી આપણો સંકુચિત અહંકાર થોડો નબળો પડી વધારે વિશાળ બને છે. તેથી કિંચિત સુખ પ્રગટ થાય છે. આ વિશાળતા અને અસીમતાની ભૂખ પરમ-પ્રભુ સાથે એકરૂપ થયા સિવાય સંતોષાતી નથી.

પ્રભુ સાથેનું તાદાત્મ્ય એ જ અંતિમ અને સાચો, કાયમી અને ખાત્રીલાયક માર્ગ છે. બીજો કોઈ માર્ગ જ નથી.- તંત્રી)

# નમામિ ત્વાં

- શ્રી અનિરુદ્ધ સ્માર્ત

**અમૂર્ત પરમાત્મન્**

હું પરમાત્મન્ કેવલ
એક અને અદ્વિતીય
મુજમાં જ લીન - તલ્લિન,
તોય.....
આનંદપૂર્ણ કો અવસ્થામાં
સહસા, અંતરે ઝંખના ઝગી.
''મારે, મુજને પોતાને
અનેક રૂપે નિહાળવો.
ને તદર્થે, હું કેવલ,
બનું જો બહુલ.
અને અનેક રૂપો દ્વારા
એમજ.....
હું મુજને પોતાને
એકને, નીરખી રહું.
''એક : અહમ્ બહુ સ્યામ્''
હો સૃષ્ટિ એવી સુંદરા,
પૂર્ણા, દિવ્યા, ઋતંભરા.''

સંકલ્પ આ સ્ફૂર્યો ત્યાં તો
પોઢેલી મુજમાં મારી
આદ્યાશક્તિ.....
મહાપ્રાજ્ઞ..... મહાબલા.....
વિરાટ વૈશ્વિક રૂપોને
ઘડતી - ભાંગતી ચલી.

અને અનંત રૂપોમાં
સ્વયંને ઢાળતી રહી.
જેથી.....
હું સ્વયંભૂ એકલ
પોતાના ખુદના અંશે,
બહુલમાં નિવસી રહું,
અને સકલમાં સુદ્ધાં
આનંદે વિલસી રહું.

**ઘટસ્થ અંતરાત્મન્**

તેથી જ, હું આ અંતરાત્મન્
ઘટ ઘટમાં ગોપિત, સીમિત.
કિંતુ સ્વયમેવ અનંત, અપરાજિત,
પ્રભુનો અંશ, પ્રભુની વાંછના કરું.
પરમ સાથે પરમ મિલનની
આ, વિસૃષ્ટિ સૃષ્ટિમાં ખેવના ધરું.

હે મહા પ્રબોધિની
ધન્ય હો ભવ્ય તારું આ
ભૂતલે અવગાહન
ને ધન્ય હો દિવ્ય તારું આ
ચૈતસિક ઊર્ધ્વ-રોહણ.
નમામિ-ત્વાં મહાદેવી,
વિશ્વંકરી..... વિશ્વંભરી.
નિત્ય નૂતન આનંદે
જીવનને દઈ કે ભરી.

અશ્વિન નવરાત્રી પ્રથમા
૨૦૬૪

# સાવિત્રી-સાર

પ્રકરણ - ૭૩

- માન

(Savitri B-1, C-3, P-28)

અશ્વપતી 'આત્મદૃષ્ટિ' ખીલવવામાં મશગુલ છે. અને જેમ જેમ આ આત્મદૃષ્ટિ વધારેને વધારે સ્વાભાવિક અને ગહન, ભાવપૂર્ણ બનતી જાય છે, તેમ તેમ તેના વિવિધ પરિણામો અશ્વપતીનાં ધ્યાનમાં આવી રહ્યાં છે. અશ્વપતી આત્મદૃષ્ટિના અંતીમ છોર સુધી જઈ બધું જ જાણી લેવાનો નિર્ણય લઈ ચુક્યો છે.

પ્રભુએ જગતની રચના પોતાનામાંના જ 'સત્' તત્ત્વમાંથી કરી છે કારણ તે સત્-ચિત્-આનંદ સ્વરૂપ છે. તેનું 'ચિત્' તે સત્ ને ઘાટ આપનારી શક્તિ અને તેનો આનંદ એ આ જગત નિર્મિતિનો હેતૂ બની ગયો છે. બધું પોતે જ છેઃ જગતનું દ્રવ્ય, જગત નિર્માણ કરનારી શક્તિ અને જગત નિર્મિતિનું કારણ. બધું જ પ્રભુ સિવાય કાંઈ નથી. જગતનાં નિર્માણમાં કોઈ બહારનું તત્ત્વ વપરાયું નથી કારણ પ્રભુ બહાર કોઈ જ નથી. કાંઈ જ નથી.

જગતમાંની દરેક વસ્તુ બાબત પ્રભુએ જે સંકલ્પ સેવ્યો છે, તે તે વસ્તુનું સર્વાંગપૂર્ણ સ્વરૂપ છે. તે સંકલ્પ 'સત્' તત્ત્વનો બનેલો છે. તેમાં જ તે સંકલ્પને સક્રીય કરીને ભૌતિક કક્ષા સુધી વાસ્તવિક કરનારી પ્રભુની જ 'ચિત્-શક્તિ વસેલી છે અને તે ચિત્-શક્તિને પોતાની આ રચના દ્વારા, આ વસ્તુ દ્વારા પ્રભુના આનંદ તત્ત્વનું કોઈ અનેરૂં પાસુ પ્રગટ કરવાનો હેતુ છે. હાલના તબક્કે આ સંકલ્પ જેને શ્રી અરવિંદ 'પૂર્ણતા' કહે છે. "Perfect" અવિચળ ચેતનાનાં પ્રદેશોમાં પડેલાં છે. તેઓ આવિર્ભાવ માટે તૈયાર છે પણ આવિર્ભાવનો યોગ્ય સમય પ્રભુના આયોજન મુજબનો હજી આવેલો ન હોવાથી સંકલ્પમાંની 'ચિત્' શક્તિ હજી સક્રિય બનેલી નથી. આ પ્રભુની ચેતનાનો એવો ભાગ છે જ્યાંથી સમગ્ર જગત નિર્માણ થવાની, આવિર્ભાવ થવાની પ્રક્રિયા શરૂ થાય છે. શાસ્ત્રો આને 'બ્રહ્મ-યોની' કહે છે. જેમ સ્ત્રીના ગર્ભમાં બાળકને જન્મ આપવાની બધી તૈયારી હોવા છતાં હજી ગર્ભાધાન થએલ ન હોય એવી આ અવસ્થા છે.

ગીતા જણાવે છે કે પ્રકૃત્તિ એ જગતની 'મા' છે અને પોતે પ્રભુ 'બીજપ્રદઃ પિતા' છે અને તે જ આવા સંકલ્પો રૂપી બીજ તેમાં આરોપે છે. (તસ્મિન્ ગર્ભ

દધામ્યહમ્) અને અંતે તે સંકલ્પોને પોતાની 'ચિત્-શક્તિ' દ્વારા સક્રિય કરે છે.

અશ્વપતી આત્મદૃષ્ટિના સહારે આ બ્રહ્મયોનીના પ્રદેશમાં પહોંચી ગયો હતો. તેને દરેક વસ્તુની પૂર્ણતા સ્વરૂપ "Perfect" સંકલ્પો દેખાયા અશ્વપતીને એવા અનંત 'સંકલ્પો' ત્યાં આવિર્ભાવની વાટ જોતા દેખાયા. દરેકમાંથી એક આંતરપ્રકાશ બહાર પડી રહ્યો હતો અને તે આંતરપ્રકાશ પ્રભુની હાજરીનો હતો. પ્રભુ દરેક સંકલ્પમાં પોતાના એક અંશ સ્વરૂપે ત્યાં પ્રગટરૂપે હાજર હતા. તે સંકલ્પની હાજરીની આજુબાજુ પરાપ્રકૃત્તિનો જે અંશ તે સંકલ્પનો બાહ્ય ભાગ રચીને પડેલો હતો તે હજી નિષ્ક્રિય હતો. તે ફક્ત પ્રભુની હાજરીના પ્રકાશને બહાર વ્યક્ત કરી રહ્યો હતો. આને કારણે પ્રભુની અતિવિશાળ ચેતના-પ્રદેશમાં જાણે અનંત તારાઓ રૂપી પ્રકાશિત સંકલ્પો ઊગી નિકળ્યાં હોય એવું દૃષ્ય સર્જાયું હતું. તેથી શ્રી અરવિંદ તેને "starry homes" તરીકે વર્ણવે છે. 'તારાંકિત ગૃહ' તરીકે વર્ણવે છે. તે સંકલ્પોએ પરાપ્રકૃત્તિને ધારણ કરીને જે આકાર રચેલો હતો તે સનાતન સ્વરૂપનો હતો, કારણ પરાપ્રકૃતિ પોતે પ્રભુના 'ચિત્' શક્તિને નીચેના ક્ષેત્રોમાં સક્રીય થવાનું માધ્યમ પુરૂ પાડવાની હતી. તે જ પરાપ્રકૃતિનો મહિમા હતો. glory હતી તેથી શ્રી અરવિંદ જણાવે છે કે He saw the perfect in their starry homes, Wearing the glory of a death less form.

શ્રી અરવિંદ પૂર્ણતાને "The Perfect" કહે છે કારણ દરેક વસ્તુ માટે પ્રભુનો એક એક સ્વતંત્ર ખાસ સંકલ્પ હોય છે અને તેના સિવાય તે વસ્તુ માટે બીજો સંકલ્પ ન હોવાથી તેને the Perfect શબ્દ વાપરે છે. Perfect નો આદ્યાક્ષર કેપિટલ કરીને તે પૂર્ણતા દિવ્ય-સ્વરૂપની જ છે એવો સંકેત પણ આપે છે.

તે બધા જ સંકલ્પો પ્રભુની સનાતન-શાંત ચેતનામાં રહેલાં હોવાથી શ્રી અરવિંદ તેમને Lain in the arms of the eternal's peace" તરીકે વર્ણવે છે. "arms" શબ્દથી પ્રભુએ તે સંકલ્પો કેટલાં પ્રેમથી અને આનંદથી સર્જ્યા હશે અને તેમને જાણે હજી પોતાના આલિંગનમાં જકડી રાખ્યા છે એવો ભાવ દર્શાવી શ્રી અરવિંદ બધા જ સંકલ્પો આનંદનું જ સર્જન છે એમ સૂચવે છે (આનંદાત્ એવ ભૂતાનિ જાયંતે ઉપનિષદ) શ્રી અરવિંદ તે આનંદની તીવ્રતા અને ગહનતા દર્શાવવા જણાવે છે કે પ્રભુનું હ્દય જ્યારે દિવ્ય આનંદના અતિરેકથી ધબકતું હતું. આનંદની ઉર્મિઓનાં ઘોડાપૂર જઈ રહ્યાં હતાં, ત્યારે પ્રભુએ આ સંકલ્પોનું સર્જન કરેલ છે. વર્ડસ્વર્થ જેમ કહે છે તેમ પ્રભુનું આ જાણે કાવ્ય-સર્જન હતું.

Sponteness overflow of powerful feelings હતાં. પણ આ feeling 'દિવ્યાનંદની ઊર્મિ' સ્વરૂપ હતાં. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે Rapt in the heart beats of God ecstacy.

આ ચેતનાનું એવું સ્તર હતું. જ્યાં પ્રભુની ચેતનામાં વિચારો અને સંકલ્પો જન્મતાં હતાં. સામાન્ય માનવને આવી ચેતનામાં આરોહણ કરવું જ શક્ય ન હોવાથી તે તેને mystic લાગે એ સાહજીક છે અને ત્યાં પ્રભુની જગત નિર્માણ કરવાની ઈચ્છાને પ્રાણ-શક્તિ પોષણ આપે છે. આ બન્ને મન અને પ્રાણ દિવ્ય સ્વરૂપનાં જ છે. શ્રી અરવિંદ તે દર્શાવવા પ્રાણ-શક્તિને ethereal Power કહે છે. અને "P" કેપિટલ કરે છે. શ્રી અરવિંદ જણાવે છે કે અશ્વપતી "He lived in the mystic space where thought is born, And will is nursed by an ethereal-power.

આ પ્રાણ-શક્તિને પોષણ કોણ આપે છે ? તે પ્રભુની જે સનાતન - શાંતિ છે એ જ આ પ્રાણ-શક્તિનો પોષણનો મૂળ સ્રોત છે. આ શાંતિ 'સર્વશક્તિમાન'ની છે. નબળાની નથી. તેમાં સ્વયંપૂર્ણ આત્મવિશ્વાસ છે અને તેથી જ પ્રભુ શાંત છે આવી સનાતન શાંતિ શ્વેત, કપૂર જેવા ધવલ પ્રકાશ-રંગ દ્વારા થઈ રહી હતી. શ્રી અરવિંદ તેને નૈસર્ગિકરૂપે પરાપ્રકૃત્તિ સ્વરૂપ જગદંબાનું ધાવણ ગણીને White milk વાપરે એ સાહજીક છે. પરાપ્રકૃત્તિ રૂપ માતા જ સનાતન શાંતિરૂપી ધવલ દૂધ પોતાના જ બાળક દિવ્ય-પ્રાણને પાઈ રહી હતી. કેટલું વાત્સલ્યપૂર્ણ આ વિધાન છે ! તેથી શ્રી અરવિંદ લખે છે "And fed on the white milk of the eternal strengths." પરાપ્રકૃતિ જ અહિં eternal strengths છે. તે જ પ્રભુની સનાતન નિજ-શક્તિ છે. પણ શ્રી અરવિંદ સૂચક રીતે steengths શબ્દ બહૂવચનમાં વાપરે છે. કારણ મા પરાપ્રકૃતિએ અનંતતા પોતાની અંદર ધારણ કરી રાખેલ છે. વિવિઃતાને પોતામાં રાખેલી છે. તેઓ જ આદ્યા-શક્તિ છે જે અનંત શક્તિઓને જન્મ આપે છે. દેવી ભાગવતમાં યુદ્ધે ચડેલાં અંબા ભગવતીમાંથી અનેક શક્તિઓ પ્રગટ થતી અને જગત નિર્મિતિના રણાંગણમાં પ્રવૃત્ત થતી દર્શાવેલ છે.

જગતમાં આ બધા સંકલ્પો પ્રગટ થવાનાં છે પણ તે પોતે પૂર્ણ હોવાથી અંતે પૂર્ણતાને જ પ્રગટ કરવાનાં છે. તેમાં રહેલા પ્રભુના અંશને, પાસાને તેઓ પૂર્ણરૂપે પ્રગટ કરશે જ અને તેને દિવ્યતા ધારણ કરાવશે. જગન્માતા  તે સંકલ્પોને ત્યાં સુધી પોષણ આપતી જ રહેશે. જ્યાં સુધી તે સંકલ્પ પોતામાં રહેલી બધી

ક્ષમતાઓને પૂર્ણરૂપે વિકસાવી તેમને દિવ્યતા ધારણ ન કરાવે. શ્રી અરવિંદ આ ભાવ નીચે મુજબ વ્યક્ત કરે છે. Till it grows into likeness of a God. પ્રભુ જ અનંત દેવોરૂપે પ્રગટ થવાનાં છે. દરેક વસ્તુ દેવ સ્વરૂપ જ છે કારણ તે પ્રભુ સિવાય કાંઈ નથી.

અશ્વપતી આ બધું જોઈ રહ્યો છે, અનુભવી રહ્યો છે. પણ સાક્ષીભાવમાં પણ એક પ્રકારનું દ્વૈત છે. વિભાજન છે. પોતે સાક્ષી અને જે વસ્તુનો તે સાક્ષી છે તે વસ્તુ. આવું આ પણ વિભાજીત ક્ષેત્ર છે. વિભાજન મનનું કાર્ય હોવાથી આ મનનાં ક્ષેત્રની ઘટના બને છે. શ્રી અરવિંદ તેથી જ વર્ણવે છે કે સાક્ષીભાવની રૂમની દિવાલો મને રચેલી દિવાલો છે પણ આ મનનાં ક્ષેત્રની સીમા ઉપરની ઘટના છે, અને તેથી ગૂઢતા ધારણ કરે છે કારણ આ સાક્ષીભાવ જ અંતે ચેતનાની અવિભાજીત અવસ્થા તરફ લઈ જાય છે. તેથી શ્રી અરવિંદ તેને "Occult" કહે છે, ગૂઢ કહે છે અને લખે છે કે "in the Witness's occult rooms with mind built walls." અહિં શ્રી અરવિંદ "Witness" નો "W" કેપિટલ કરી તે સાક્ષીભાવ દિવ્ય છે એમ જણાવે છે. બીજુ શ્રી અરવિંદ Occult rooms લખે છે. બહૂવચની શબ્દ વાપરે છે કારણ અશ્વપતીને સાક્ષીભાવ રચવો પડે છે. આ પૂનરાવર્તન સૂચવવા rooms બહૂવચની વાપરેલ છે. બીજા અર્થમાં પણ કહી શકાય. મનના અનેક સ્તરો છે. પારમાનસિક, માનસિક, અવચેતન અને અચેતન. દરેકની પોતાની દુનિયા છે. જાણે રૂમ્સ છે. તે અર્થમાં પણ મનની વિવિધ રૂમો ગણી શકાય અને દરેક રૂમમાં ચેતના સાક્ષીભાવે ઉતરી શકે છે. તેથી સાક્ષીભાવની જ આ વિવિધ ઓરડીઓ ગણી શકાય. શ્રી અરવિંદ આ અર્થ લઈને આગળ જણાવે છે કે on hidden interiors lurking passages. ત્યાં ઘણી ગુપ્ત આંતર રચનાઓ છે. "hidden interiors" છે. પૂર્વગ્રહો અને પૂર્વાનુભવોની રચનાઓ છે. તે બધા અવચેતનમાં છૂપાએલાં છે. તેથી "hidden" છે. તેમાં ઘણી વાંકીચૂકી ગલીઓ છે. ભૂલભૂલામણી છે અને તેઓ પ્રવેશ કરનારને જાણે ગુંચવી નાખવાની વાટ જોતી હોય છે. "lurking passages" છે. પણ અશ્વપતી પૂર્ણ સમર્પિત સાધક હોવાથી આ બધી ભૂલભૂલામણીઓને પાર કરીને સીધે સીધો આંતરદૃષ્ટિનાં દાલનમાં પ્રવેશે છે. ભૂલભૂલામણીની ગલીકુંચી જેમ અવચેતનમાં છે તેમ ઉર્ધ્વમાંના પ્રાણલોકમાં પણ છે. તેને પણ વટાવીને અશ્વપતીને ઉપર જવું પડેલું ત્યારે આંતરદૃષ્ટિના

વિભાગમાં તેને પ્રવેશ મળેલો. આત્મદૃષ્ટિ એ આંતરદૃષ્ટિનો જ એક સર્વશ્રેષ્ઠ પ્રકાર છે. અશ્વપતી આવી આંતદૃષ્ટિની બારી ખોલી નાખવામાં યશસ્વી થયો હતો. શ્રી અરવિંદ જણાવે છે કે "On hidden interiors lurking passages, Opened the windows of the innersight. શ્રી અરવિંદ અહિં windows બહૂવચનમાં ઉપરનાં કારણોસર જ વાપરે છે. આવી રીતે અંતે આત્મદૃષ્ટિને જ્યારે અશ્વપતી પ્રાપ્ત કરે છે ત્યારે તે અવિભાજીત એવા સમયમાં - સદા વર્તમાનકાળમાં પ્રવેશવા સમર્થ થાય છે. આત્મદૃષ્ટિથી જ્યારે જગતને જોવામાં આવે છે ત્યારે બધું જ પોતા સ્વરૂપ જ લાગે છે અને તેથી જગતમાંની દરેક ક્રિયા અને ઘટના પોતાની સાક્ષીમાં જ ઘટી રહી છે. એવો ભાવ જન્મતો હોવાથી ત્યાં સદા-વર્તમાનકાળ જ પ્રવર્તે છે. ચેતનાની સંકુચિતતાને કારણે જ તેની દ્વારા જોવાતો વર્તમાનકાળ પણ સંકુચિત થઈ તેનો એક છેડો ભૂતકાળ અને બીજો છેડો ભવિષ્યકાળ બની ગયો છે. ચેતના સર્વવ્યાપી બનતાં જ આ બન્ને છેડા ફરી વર્તમાનકાળ બની જાય છે અને અશ્વપતીને સનાતન - વર્તમાનકાળનો - અવિભાજીત કાળનો - અનુભવ આવે છે. સનાતન આત્મા જ સનાતન-કાળનો અનુભવ લઈ શકે છે. સમાન વસ્તુ જ સમાનને ઓળખી શકે છે. તેથી શ્રી અરવિંદ લખે છે કે He owned the house of undivided Time.

અશ્વપતી હવે પુરી રીતે આત્મદૃષ્ટિમાં સ્થિર થઈ ગયો હતો. આત્મદૃષ્ટિની જગત તરફ જોવાનો તેનો સ્વભાવ બની ગયો હતો.ૈસી નો ઘ્ધ કેપિટલ કરી આ સમય પણ દિવ્ય બની ગયો હતો એવું શ્રી અરવિંદ સૂચવે છે.

અશ્વપતીની આત્મદૃષ્ટિ સોળે કળાએ ખીલી ઊઠી હતી.

## અગત્યની નોંધ

પોતાના અંતિમ દિવસો દરમિયાન આદ્યસંસ્થાપક શ્રી ભૂપેન્દ્રભાઈએ સહજ-સત્સંગમાં કોઈ વ્યક્તિનાં ફોટા છાપવા નહિ એવો નિર્ણય ભારતીબેનને જણાવેલો. ફક્ત જેમને અગાઉથી આશ્વાસન દેવાઈ ચૂક્યાં છે તેમનાં વચનની પૂર્તતા કરવી. આ નિર્ણયની જાણ હાલમાં જ થતા ટ્રસ્ટીમંડળે સદ્ગતના નિર્ણયને સર્વાનુમતે તાત્કાલિક ધોરણે મંજૂર રાખેલ છે. જેની સવિનય નોંધ લેવા વિનંતી. - ટ્રસ્ટી મંડળ

# સહજ-સત્સંગ

(માતાજીની અનુભૂતિ ૧-૧-૫૮ ઉપર આધારિત)

- માન

માતાજી, તમે આ વખતે નીચેનો નૂતનવર્ષનો સંદેશ આપેલ છે.

''હે પ્રકૃતિ, હે આધ્યાત્મિક માતા, તે કહ્યું છે કે હું સહકાર આપીશ. અને તારા સહકારના તેજને કોઈ મર્યાદા નથી.''

''પણ મધુર માતાજી અમને તે બરાબર સમજાયો નથી.''

''પણ બેટા તેનો અર્થ હું આ વખતના ૨૧ ફેબ્રુઆરીના બુલેટીનમાં આપવાની જ છું. મને નૂતન-વર્ષનો સંદેશ લખવો હતો તે ટાણે જ બરાબર મને આ અનુભૂતિ આવી મેં તે નોંધી લીધી. ત્યારે મને સમજાયું કે આ જ તો પેલો સંદેશ છે.''

લોકોને લાગે છે કે આનો અર્થ પ્રકૃતિનો આપણી અંગત ઈચ્છાઓ અને કામનાઓ બાબતનો વિરોધ નષ્ટ થવાથી હવે બધી ઈચ્છાઓ ફટાફટ પુરી થવા માંડશે. જાણે પ્રકૃતિ કહી રહી છે 'જો માંગોગે વહીં મિલેગા''... ના, આવો આ સંદેશનો મુદલે અર્થ નથી.

વિશ્વપ્રકૃતિ સતત પોતાની અનેકવિધ વૈશ્વિક શક્તિઓ માર્ફત આ પૃથ્વી ઉપર કામ કરી રહી છે. હાલમાં એક નવી જ વિશ્વ-શક્તિ તેમાં ઉમેરાઈ છે. જેને અતિમનસ શક્તિ આપણે કહીએ છીએ. વિશ્વપ્રકૃતિએ તેને પણ પોતાના કાર્યમાં સામેલ કરી લીધી છે. આ જ તેનો સહકાર છે. આ સહકારમાં વિવિધ વિશ્વશક્તિઓ જે તેજોમય છે, વિવિધ પ્રકાશ-રંગો સ્વરૂપ છે, તે એકબીજા સાથે સંવાદમય સ્થિતિમાં ગોઠવાઈને એક જાણે સુંદર ઈન્દ્રધનુષ રચી રહી છે અને આ સહકારની શરૂઆત માત્ર છે. તેના આગામી વિકાસને કોઈ મર્યાદા નથી એવો આ સંદેશનો ગૂઢ અર્થ છે.

અતિમનસ શક્તિ મનોમય કક્ષાએ અવતરણ પામીને પ્રગટ થઈ છે. હજી તે સ્થૂળ ભૌતિક કક્ષાએ પ્રગટ થએલ નથી પણ શૂક્ષ્મ પાર્થિવ સ્તરે દબાણ લાવી ચુકી છે અને ત્યાં તેનો પ્રભાવ દેખાવા માંડ્યો છે. પણ આ વાસ્તવિકતા બધા જ સમજી નહિં શકે. જેમ નદી કિનારેનાં હરણોનાં પગલા જોઈ શિકારી જાણી જાય છે કે તે નર છે કે માદા, તેનું વજન અને કદ શું હશે. તે કઈ બાજુ ગયું છે વગેરે. સામાન્ય માનવ તે પગલા જોતો નથી. તેમ સજાગ અને સક્ષમ સાધકોને અતિમનસનાં પગરવ સંભળાશે. તેના ચિહ્નો પોતાની આંતરિક ચેતનામાં જણાશે. ભૌતિક સ્થૂલ

ચેતનામાં રહેનારને આ બધી વાતો કપોલ કલ્પિત લાગશે.

પણ સંદેશની સાચી સમજણ રાખશો તો અતિમનસ શક્તિની ખાત્રી વહેલી મળશે.

મેં આપને ૩૦ ઑક્ટો.૧૯૫૭ના રોજ વર્ગમાં સમજાવેલું કે પ્રકૃતિ પોતાના પ્રયોગ કરવામાં પાછું વાળીને જોતી નથી. બગાડની દરકાર કરતી નથી. કરકસરનું ધોરણ તે વખતે તે સ્વીકારતી નથી. અનેક માર્ગે અખતરા કરે છે. કારણ તેની પાસે સાધનો અને દ્રવ્યોનો વિપૂલ ભંડાર છે. તેને કાળ-ક્ષયની પણ પરવા હોતી નથી. પુનરાર્વતન ઉપર પુનરાવર્તન કરે જાય છે. તેની પાસે શાશ્વત કાળ છે. તેને કોઈ ઉતાવળ પણ નથી. અને કંટાળો પણ નથી.

માતાજીને પ્રકૃતિના આ સ્વભાવનું જ્ઞાન તર્કથી સમજાયું નહોતું. પણ પોતે સાંજે એક અખતરો કરેલો તેને કારણે આ જ્ઞાન મળેલું. તેમણે પોતાને પ્રકૃત્તિ સાથે એકરૂપ કરી નાખી. અને તે તાદામ્ય દ્વારા જ તેઓ પ્રકૃત્તિનો સ્વભાવ સમજી શક્યા. તેમને તેને કારણે એક અનુભૂતિ આવેલી. તે ૮ નવે.૧૯૫૭ના રોજ આવેલી.

તે અનુભૂતિમાં માતાજીને પ્રકૃતિ સાથેની એકરૂપતાને કારણે પ્રકૃતિનાં મનોભાવો સમજાયા. અતિમનસની નવી ચેતનાની બાબતમાં પ્રકૃતિની પોતાની શું ભૂમિકા હશે તે બાબત પ્રકૃતિને શંકા હતી. કદાચ તે નવી શક્તિ તેની વૈશ્વિક-શક્તિઓ સાથે સંઘર્ષમાં ઉતરશે અને પર્યાયે પ્રકૃતિને નકારશે. એવું તેને ગાલતું હતું પણ ૮ નવે.ના રોજ પ્રકૃતિને આંતરિક ખાત્રી થઈ કે આ નવી અતિમનસ ચેતનાનો તેને નકારવાનો મુદ્દલે વિચાર નથી. પણ તેથી વિરૂદ્ધ પ્રકૃતિનો બધી જ વિશ્વશક્તિઓ સાથે સંવાદમાં રહીને આલિંગન આપવા ઈચ્છે છે.

પ્રકૃતિની આવી શાશંક ભૂમિકા નિર્માણ થવાનું વાસ્તવિક કારણ પણ હતું. જુના યોગો પ્રકૃત્તિની બધી જ ગતિવિધિઓને નકારતા હતાં. તેથી આ નવી શક્તિ પણ તેવી જ ભૂમિકા લે એવી શક્યતા પ્રકૃતિમાતાને લાગવા માંડેલી. પણ તેની કલ્પના ખોટી ઠરી. તેને હવે આંતરિક ખાત્રી મળેલી કે અતિમનસ ચેતના તેને વામણી બનાવવા માગતી નથી. પણ પરિપૂર્ણ કરવા માગે છે. આવી ખાત્રી જ્યારે પ્રકૃતિને થઈ ત્યારે ગૂઢ જગતમાં એક વિશ્વ-વ્યાપી ઘટના બની. સત્-ચેતનાએ, પરમ વાસ્તવિકતાએ વિશ્વપ્રકૃતિને આદેશ આપ્યો.

''હે પ્રકૃતિ સહકારના આનંદ પ્રત્યે જાગૃત થા''

આ પરમ-પ્રભુનો આદેશ સાંભળતા જ વિશ્વપ્રકૃતિમાં એક તીવ્ર આનંદની

લહેર ફરી વળી. પ્રકૃતિ ભાવ-વિભોર થઈ ગઈ અને તેણે કહ્યું;

''હું તમારો આદેશ માથે ચડાવું છું, હું સહકાર આપીશ''

સમગ્ર પ્રકૃત્તિ શાંત અને મૌન બની ગઈ હતી. આભારની લાગણીથી, પ્રકૃત્તિની બધી જ વિશ્વ શક્તિઓ આનંદથી ગેલમાં આવી ગઈ હતી. કારણ બધી જ વિશ્વ-શક્તિઓ જાણી ચુકી હતી કે તેમને નિયંત્રિત કર્યા વગર તેમને વિશાળ કરવામાં આવશે. તેમને બળ આપવામાં આવશે. તેમના લીલાના ક્ષેત્રને યથાવત્ રાખવામાં આવશે.

માતાજી પણ બધી જ વિશ્વ-શક્તિઓ સાથે એકરૂપ થએલા હતાં. તેમના ગાત્રોમાં પૂર્ણ સંવાદમયતા વહી રહી હતી. તે વખતે માતાજીને પોતાના શૂક્ષ્મ-ભૌતિક સ્તરે 'બીથોવન ડી મેજોર' માં જેવું સરોદવાદન સંભળાય તેવું જ સંગીત સંભળાઈ રહ્યું હતું. સરોદનાં સ્વરો વધારેને વધારે ઊંચકાઈ રહ્યાં હતાં. જાણે મહાન પ્રગતિ સાથે તાલબદ્ધ રીતે તે ઊંચકાતા હોય તેમ ! માતાજીને તો એમ જ લાગતું હતું કે જાણે એકી સાથે પચાસ ઓરકેસ્ટ્રા પૂર્ણ સંવાદમાં વાગી રહ્યાં છે. તેમાંનો એકનો પણ સુર બેસુર બનતો નહોતો. પ્રકૃતિ અને આત્મામાં એક તાલબદ્ધ સંવાદમયતા સ્થપાઈ ગઈ હતી.

બધી જ વિશ્વ શક્તિઓની સામુહિક સંમતિને કારણે આવી અનુભૂતિ માતાજીને આવી રહી હતી. તે સરોદ વાદનમાં જાણે અનંતકાળથી વિખૂટા પડેલા બે મિત્રોનું પુર્નમિલન થયાનો ભાવ વ્યક્ત થઈ રહ્યો હતો. માતાજ ગહન ધ્યાનમાં હતાં. તેમને સમગ્ર વિશ્વમાં ગાજતા નીચેના શબ્દો સંભળાયા.

''હે પ્રકૃતિ, ભૌતિક માતા, મેં તને કહ્યું છે કે હું સહકાર આપીશ; આ સહકારના તેજ ને કોઈ મર્યાદા નહિ હોય.''

## આપણી અભીપ્સા

February 21, 1972

The complete unification of the whole being around the psychic centre is the essential condition to realise a perfect sincerity. **- The Mother**

સારાયે સ્વરૂપને ચૈત્ય કેન્દ્રની આસપાસ પુરેપુરું એકત્ર કરી લેવામાં આવે એ સંપૂર્ણ સત્યનિષ્ઠા પ્રાપ્ત કરવા માટેની મૂળ મહત્વની શરત છે - **શ્રી માતાજી**

# ભગવતી - આરાધના

(અધ્યાય - ૨)

## મા ભગવતીના ચાર સ્વરૂપો

(‘મા’ પેજ - ૫૦-૭૩)

- માન

વિશ્વોને રચવા અને વિકસાવવા પણ પડે,
તે માટે ચાર રૂપો ધરી, જગદંબા સંચરે.
માહેશ્વરી જ્ઞાન શક્તિગણી, માંગલ્ય દયા સ્વરૂપ,
બીજુ મહાકાળી તણું, સમર્થ, તપોમય રૂપ.
ક્ષાત્ર તેજે મહાલતાં, દિવ્ય-સંરક્ષણ-દાતાર,
પ્રભુકાર્ય સવેગ કરે, અવરોધો હરનાર.
ત્રીજુ મહાલક્ષ્મીનું ગણ્યું, મધુર, સુંદર, લય સાથ,
સમૃદ્ધિ આપે ઘણી ને, રચે સંમોહનની ભાત.
ચોથું મહાસરસ્વતી તણું, પૂર્ણ આયોજન ને સૂક્ષ્મ,
દોષરહિત રચના કરી, પ્રગટાવે હેતુ અતિગુપ્ત.
જ્ઞાન, શક્તિ, સંવાદિતા, પૂર્ણતા એ લક્ષણ,
ચાર સ્વરૂપનાં ગણ્યાં, ગણ્યાં એ વિલક્ષણ.
વિભૂતિ દ્વારા વ્યક્ત બની, કરે લોકોને જાણ,
જો તમે ખુલ્લા થશો, તો બનશો સદ્‌ગુણ-ખાણ.
રાજરાજેશ્વરી માહેશ્વરી, બુદ્ધિ ઉપરે એ સ્થિત,
પ્રજ્ઞાશક્તિને પ્રગટાવીને, ભરે પ્રભાથી સિક્ત.
જ્ઞાન-વિજ્ઞાન આપે અને વિશાળ જ્યોતિનું રૂપ,
દિવ્ય-શક્તિઓ સાથે, આપે શક્તિ, જ્ઞાનનું જુથ.
વૈશ્વિક આયોજન કરે, યુગચક્રને આપે ગતિ,
માનવ પ્રકૃતિ અનુસરી, જોડે પ્રભુ કાર્ય પ્રતિ.
નિરપેક્ષ, પક્ષપાતહીન, તટસ્થ, ઈશ-આધિન,
કર્માનુસાર ગતિ રચી, ઉર્ધ્વ નિમ્નમાં કરે લીન.
જ્ઞાનીને સહભાગી કરે, આપે ગુપ્તજ્ઞાનનું દાન,
અજ્ઞાનીને છૂટો મુકે, ભોગવે કર્મ-પરિણામ.

આ બધું કરવાં છતાં, રચે પાકા પાયાનો ઘાટ,
અનુભવે વિકસાવીને, સુઝાડે આતમની વાટ.
બધા તત્વોને ગોઠવે, કરે સુસંવાદી - સંગીન,
પણ સ્વતંત્રતા ન કોઈની હરે, વિકાસની આ રીત.
સુર, અસુર રાક્ષસો પશુ, માનવ, પંખી, જીવાત,
બધાને સરખા ગણે, પ્રભુ-બાળ ગણે સાક્ષાત્.
જરૂર પડે દંડે સદા, પણ કઠોર કરુણાનું રૂપ,
હ્રદયે માતૃ-ભાવ ધરે, પણ તટસ્થતાને અનુરૂપ.
આત્માને દિવ્ય ઘાટ દઈ, કરવા પ્રભુ સાકાર,
એ જ વ્રત જીવનતણું, ધરે એ બની નિર્વિકાર.
વિશાળતા માહેશ્વરી તણું, લક્ષણ ગણ્યું પ્રમુખ,
મહાકાળીનું ઉત્તુંગતા, ઉત્કટ શક્તિ સ્વરૂપ.
મર્યાદા, લઘુતા અને સંકુચિતતા અશુદ્ધિ, તમસ,
આ વિઘ્નોને ભાંગીને, આપે પ્રભુને એ જશ.
સામી છાતીએ લડતી રહે, નિર્ભય, નિર્દય, ને ક્રુર,
સંગ્રામ-પ્રીય, સર્તક સદા, રણ-ચંડી બને એ શુર.
પ્રમાદને પછાડતી, દુરાગ્રહનો ઘાત,
અજ્ઞાનને વિદારતી, જુઠાણાનો વિનાશ.
આપે આંચકા આકરાં, અગ્નિપરીક્ષા પણ ઘણી,
સાધનાના તમસને, ઓગાળતી તિમિર હણી.
કરે જાગ્રત સતર્કને, ઋજુ, નિખાલસ, અકપટ,
ગતિ અકુંઠીત, તીવ્રને, જવલંત અભીપ્સા વિકટ.
ધરે મુદ્રા અભય તણી, વરદ મુદ્રાની સાથ,
ગહન ગૂઢ માયાળુતા, અને દિવ્યજ્ઞાનની ખાણ.
વક્ર, કુટીલને ટીપીને, કરે સરળ ને શુદ્ધ,
લાંબા કાળના સુયશને, લાવે સમીપ ને શીઘ્ર.
વિજય ઉલ્હાસની ઉજવણી, દુઃસાધ્ય કાર્ય પણ સિદ્ધ,
ક્રાંતિ-કાર્યની સફળતા, એ છે મહાકાળીની જીદ.
મહાલક્ષ્મી બક્ષે ઘણી, સુંદરતા ને સંવાદ,
સંમોહી સત્વો બધા, વાળે પ્રભુની એ વાટ.

વિશાળ સમુદાયો ગોઠવી, ચેતના-મિલનનો ઘાટ,
રચે ત્યાં સુસંવાદીતા, તોડે અંતરના પાટ.
આદર્શ સંમોહિની તળે, કરે સહુને એકરૂપ,
વિશાળતાના માર્ગે પ્રભુ, પ્રગટ કરે સ્વ-રૂપ.
તેથી ચેતના વિકસે ઘણી, પ્રગટે નિત્યાનંદ,
આમ સંમોહિની તળે, મહાલક્ષ્મી વિકસાવે બહુજન.
માનવોને માહેશ્વરી લાગે ઠંડી, અતિ દૂર,
મહાકાળીની ઉગ્રતા તાપદાયક ભરપૂર.
પણ મહાલક્ષ્મીની સંમોહિની, લાગે મધુર રસપૂર્ણ,
તેથી લોકો દોડી આવે, સમીપ ને શ્રદ્ધાપૂર્ણ.
કોમલતાની મૂર્તિ એ, વાત્સલ્યરૂપ સાક્ષાત્,
આનંદની અવધિ ગણ્યાં, લાવણ્ય અભિજાત.
સ્મિત તેનું વિવશ કરે, માનવ પરવશ બને,
પણ તે પરવશતા મહિં, સંસ્કાર સિંચન ને વણે.
પણ તો એ તેની સાધના, કપરી કસોટી-કાળ,
સંવાદિતાની શરત મૂકે, જે જાળવવી તત્કાળ.
વિચાર, ભાવને કર્મમાં સુસંવાદિતાની માંગ,
બાહ્ય આંતર પરિસ્થિતિમાં, પણ તે જ રહે એ જાણ.
સુસંવાદિતા વિષ્ણુરૂપ ગણ્યું, કરે ચેતના વિશાળ,
વિશાળતામાં વિષ્ણુ વસે, એ પ્રગતિ તણી છે ભાળ.
વિષ્ણુ-પ્રિયા મહાલક્ષ્મી ગણી, પદસેવામાં રહે મગ્ન,
તેથી વિષ્ણુ લક્ષ્મી સદા, સાથે અને સંલગ્ન.
જ્યાં વિષ્ણુ ત્યાં લક્ષ્મી વસે, એ છે નિયમ અટળ,
તે નિયમને અનુસરી, મહાલક્ષ્મી બને સફળ.
જ્યાં સ્વાર્થ, ને દ્વેષ ઘણાં, કલહ ઈર્ષા ને દ્રોહ,
કૃતઘ્નતા, વિશ્વાસઘાત, કહ્યાં, દુરેચ્છાને વ્યામોહ.
આ બધા જાકારા બને, મહાલક્ષ્મીના સાક્ષાત્,
ત્યાંથી તે સરી પડે, ન રોકાવાની કોઈવાત.
ત્યાગીની કઠોરતા, કે શુષ્કતા કે તપોઉગ્ર,
મહાલક્ષ્મીનાં અણગમા, તેથી ન તે સંલગ્ન.

સૌંદર્ય પ્રેમની મૂર્તિએ, મધુર, કલામય વલણ,
દિવ્યાનંદની સંન્નિધિ, લય, તાલનો ઉમંગ.
આયોજન, વ્યવસ્થા સુભગ, નિપૂણતા પરિપૂર્ણ,
આ ગુણો મહાસરસ્વતી તણાં, કાર્ય-શક્તિનો સંગમ.
જ્ઞાનમાં વ્યાખ્યા ગણી, કર્મની ચોકસાઈ,
જીવનમાં સુવ્યવસ્થા ગણી, એ મહાસરસ્વતીની મહેર.
ઝીણી વિગતો પણ જાણી લે, ન બને ક્યારે અધીર,
ધીમું, લાંબુ, અનંત એ, કામ કરે સુસ્થિર.
સમગ્રતાને સાચવી, સદા જાગૃતને  દક્ષ,
દોષરહિત ફરી ફરી કરે, સ્વભાવ તેનો સર્વસ્વ.
દરેકને મુલવે ઘણું, કરે છતું સ્વરૂપ,
પકડી પાડે વિસંવાદિતા, સાધે સુસંવાદીરૂપ.
ભાવિની પણ ગણતરી, આજની પણ વાત,
ભૂતકાળની વિગતો ઘણી, ધ્યાન બહાર ન એની જાત.
અનાવડત ને અપૂર્ણતા, પ્રમાદ કે વિચલન,
ગફલત, દુરૂપયોગને, સહે ન કોઈ ક્ષણ.
અધવચ્ચે પડતુ મુકે, શિથિલતા સાક્ષાત્,
એ તેનાં છે અણગમા, ન સહે આટલીએ છાંટ.
બધું સંગીન ચોક્કસ રહે, એ તેનો આગ્રહ,
ભૂલો પ્રત્યે સહિષ્ણૂતા, પણ પૂર્ણતાનો સંગ્રહ.
ક્ષમાશીલ, માયાળુતા, સ્મિતમુખી દિલદાર,
જો સંકલ્પ અનન્ય અને, સાચ-દિલ નિર્ધાર.
ઠઠારો, દેખાડો દંભ ને, દ્વિધા, આત્મવંચના, પ્રમાદ,
એ તેના અભિશાપ ગણ્યાં, દૂર્ગુણો સાક્ષાત્.
પણ સાચી સલાહકાર છે, મુશ્કેલીમાં આશ,
અવસાદે ઉદ્ધારતી, પ્રેરણામૂર્તિ સાક્ષાત્.
ભૌતિક જગતે  પ્રભાવ ઘણો, કરે અન્ય માતનું કામ,
બધા તત્વોને સાચવી, રચે પ્રભુનું એ ધામ.

# આત્મા : પરમાત્માનો અંશ

(પ્રાસંગિક)

- શ્રી હર્ષદ ઠકરાર

અંશ એટલે કોઈ પણ તત્ત્વમાંથી છૂટો પડેલો અપૂર્ણ કે ખંડીત ભાગ નહીં, પરંતુ જે મૂળ તત્ત્વ છે તેની અનંત તથા અમર્યાદિતતા રજુ કરતો ભાગ હોય છે.

ગીતામાં શ્રીકૃષ્ણ ૧૫માં અધ્યાયમાં જણાવે છે, ''મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ અનાતનઃ।'' એટલે કે જીવલોકમાં પરમાત્માનો અંશ જીવાત્મા તરીકે વસે છે. જીવલોકમાં જીવાત્મા તરીકે આવિર્ભાવ થવાથી અનંત અને અમર્યાદિત પરમાત્મા પરિમિત કે મર્યાદિત થતા નથી. પરંતુ જીવ સૃષ્ટિરૂપે અનંત સ્વરૂપે પ્રગટ થાય છે. સ્થુલ પાર્થિવ, વનસ્પતિ, જીવજંતુ, પંખી, પ્રાણી માનવ એમ પ્રત્યેકમાં રહેલ આત્મા પ્રભુના અંશ તરીકે આવિર્ભૂત થયેલ છે. કોઈ સ્વરૂપમાં આપણને સુષુપ્તરૂપે આત્મ તત્ત્વ અનુભવવાય છે, તો કોઈ સ્વરૂપમાં આપણને વિકાસ પામીને જાગૃત સ્વરૂપે આત્મતત્ત્વ અનુભવાય છે.

સામાન્ય રીતે આપણને પ્રશ્ન થાય કે સ્થુલ પાર્થિવ દ્વારા આત્મા તેની અભિવ્યક્તિ કઈ રીતે કરે છે ? આપણા સૌનો અનુભવ છે કે ઉનાળાની ઋતુમાં ધરતી એકદમ સુક્કી-નિર્જીવ અનુભવાય છે. આજ ધરતી ઉપર પ્રથમ વરસાદ થાય એટલે તે જ ધરતી ઘાસરૂપી લીલી ચાદર ઓઢી લે છે અને સજીવ બને છે.

આમ ધરતીમાં સુષુપ્ત અવસ્થામાં રહેલ આત્મ તત્ત્વ ઘાસ સ્વરૂપે પ્રગટ થાય છે. એટલે આપણી અંદર આનંદ અનુભવાય છે.

સામાન્ય રીતે બાંધકામના ઉપયોગમાં આવતી રેતી (સીલીકા)નું સીલીકોનમાં રૂપાંતર થવાથી અનેક પ્રકારના ઈલેક્ટ્રોનીકસ ઉપકરણો આપણી સમક્ષ ઉપલબ્ધ છે. તાજેતરમાં આપણી સમક્ષ આઈ-ફોન્સ નામનું ઉપકરણ સમક્ષ રજુ થયું. આ સીલીકોન છે તો એક જ. પરંતુ તેનો ઉપયોગ અનેક છે. આમ સીલીકોનના ઉપયોગથી ભવિષ્યમાં ક્યા પ્રકારના ઉપકરણો બનશે તેની કોઈ મર્યાદા કે અંત માનવ બાંધી શકે તેમ નથી. આ જ સ્થુલ પાર્થિવની અભિવ્યક્તિને શ્રી અરવિંદ જણાવે છે કે તે મુજબ, "Matter shall reveal spirit's face" એટલે ''પાર્થિવતા પ્રગટ કરશે આત્માનું મુખ'' એવી અનુભુતી કરાવે છે.

વૃક્ષ ઉપર કેટલા ફળ છે તેની ગણત્રી આપણે કરી શકીએ છીએ. પરંતુ એક

ફળમાં કેટલા વૃક્ષ છુપાયેલા છે તેની ગણત્રી કરી શકતા નથી. કારણ કે ફળ વિકાસ પામી વૃક્ષ બને છે ત્યારે તેના ઉપર અનેક નવા ફળ આવે છે. તે જ ફળો વૃક્ષો તરીકે વિકાસ પામશે. આમ એક ફળમાંથી કેટલા વૃક્ષ વિકાસ પામશે તે શક્યતાને માનવ મર્યાદિત કે પરિચિત કરી શકે તેમ નથી. કારણ કે એક ફળ દ્વારા અનંત વૃક્ષો વિકાસ પામવાની ક્ષમતા રહેલી છે.

સ્થુલ પાર્થિવ અને વનસ્પતિમાં પણ આત્મ તત્ત્વ અનંતરૂપે પ્રગટ થવાની શક્યતા હોય તો, માનવ તો પાર્થિવ તત્ત્વમાંથી વિકાસ પામતો મનસ તત્ત્વ સુધી પહોંચ્યો છે એટલે સ્વાભાવિક રીતે માનવ દ્વારા આત્મ તત્ત્વ પ્રગટ કરવાની અનંત શક્યતાઓ છે.

સ્થુલ પાર્થિવ કરતા માનવની ચેતના વધુ જાગૃત હોવાથી માનવનો જીવાત્મા પ્રભુની દિવ્યતાને અનંતરૂપે અભિવ્યક્ત કરવાની અનંત શક્તિ ધરાવે છે. સ્વામી વિવેકાનંદના શબ્દોમાં કહીએ તો માનવની અંદર દિવ્યતા અંતર્હિત શક્તિ રૂપે રહેલી છે. આ દિવ્યતાને પ્રગટ કરવી તે માનવ જીવનનો હેતુ છે.

માનવે દિવ્યતાને પ્રગટ કરવા માટે અત્યારે પોતે જે દેહભાવ, પ્રાણભાવ અને મનોભાવમાં જીવન વ્યતીત કરે છે, તેમાંથી મુક્ત થઈ આત્મભાવમાં જીવન જીવવું પડશે. શ્રી માતાજી અને શ્રી અરવિંદ વ્યક્તિગત રીતે દિવ્યતામાં જીવન જીવતા હતા. પરંતુ સમગ્ર માનવજાતી દિવ્યતામાં જીવતી થાય તેના માટે તેમણે યોગ કર્યો છે. શ્રી માતાજી અને શ્રી અરવિંદે અનેક કષ્ટો સહન કરીને આપણને પૂર્ણયોગ આપ્યો છે.

પૂર્ણયોગમાં જીવન એટલે બાહ્ય પરિસ્થિતિને અનુરૂપ જીવન નહીં, પરંતુ બાહ્ય પરિસ્થિતિ જીવનના હેતુને અનુરૂપ બને તે પ્રકારનું જીવન. એટલે કે હાલમાં માનવ ઈન્દ્રોયોના વિષયોમાં જીવન વ્યતીત કરે છે તેને બદલે ઈન્દ્રીયોનો ઉપયોગ પ્રભુની દિવ્યતા અભિવ્યક્ત કરવા કરતો હશે.

દેહભાવ, પ્રાણભાવ કે મનોભાવ દ્વારા કરેલા કાર્યો દ્વારા માનવ થાક અનુભવે છે. જ્યારે આત્મભાવ દ્વારા કરેલા કાર્યો દ્વારા આનંદ અનુભવે છે. કારણ કે પરમાત્માનું મૂળ સ્વરૂપ સત્-ચિત્-આનંદ છે. આથી પરમાત્માનો મૂળ સ્વભાવ આનંદ કરેલા કાર્ય દ્વારા અભિવ્યક્ત થાય છે. આ આનંદને શ્રી અરવિંદ આત્મલક્ષી અને વસ્તુલક્ષી અભિવ્યક્તિ કહે છે.

જીવાત્મા પરમાત્માનો અંશ છે. એટલે જ તો પ્રભુની દિવ્યતા સાથે સાધર્મ્ય સાધવા પ્રયત્નશીલ હોય છે, જે આપણને ઉપનિષદની પ્રાર્થના જણાવે છે.

''અસતો મા સત્ ગમય।
તમસો મા જ્યોતિર્ગમય।
મૃત્યોર્માઽમૃતં ગમય॥''
દ્વારા આ માનવ હમેશા અભીપ્સા સેવતો હોય છે.

માનવનો પાર્થિવ દેહ તો ફક્ત એક ઉપકરણ છે. ખરેખર તો માનવમાં રહેલ આત્મા દેહ દ્વારા પ્રભુની દિવ્યતા અનંત રૂપે અભિવ્યક્ત કરવા પ્રયત્નશીલ છે, કારણ કે પ્રભુની દિવ્યતા પૂર્ણ છે અને માનવનો આત્મા પણ પૂર્ણ છે.

''પૂર્ણમદઃ પૂર્ણમિદમ્ પૂર્ણાત્ પૂર્ણવિમુચ્યતે।
પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણ મેવાવ શિષ્યતે॥

આ મંત્ર દ્વારા ઋષિ જણાવે છે કે પરમ બ્રહ્મમાંથી પ્રસ્ફુટીક થયેલ આત્મા પણ પૂર્ણ છે. બ્રહ્મમાંથી આત્મા પ્રસ્ફુટીક થવાથી બ્રહ્મ અપૂર્ણ થતું નથી કે આત્મા બ્રહ્મમાંથી પ્રસ્ફુટીક થવાથી અપૂર્ણ રહેતો નથી.

અપૂર્ણતા એટલે કોઈ તત્ત્વની શરૂઆત અને તેનો અંત અનુભવવો. બીજા શબ્દોમાં કહીએ તો તત્ત્વની ઉત્પત્તિ ક્યાંથી થઈ અને તે ક્યાં લય પામે છે, આમ કોઈ પણ તત્ત્વના બે છેડા અનુભવવા એટલે કે તે મર્યાદિત થયું છે એમ જાણવું. મર્યાદિતતા અપૂર્ણતા છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ જણાવે છે તે મુજબ કોઈપણ આત્મા જન્મ લેતો નથી કે મરણ પામતો નથી. આત્મા અજન્મા, શાશ્વત અને પુરાતન છે. પ્રભુ પણ અજન્મા શાશ્વત અને પુરાતન છે. આથી જ આત્મા પ્રભુની અમર્યાદિત શક્તિને અનંતરૂપે અભિવ્યક્ત કરી શકે છે.

આજ તત્ત્વને આપણે દિવ્યાંશ બાબત પણ સમજવાની છે. દિવ્યાંશ એટલે મહાપ્રભુ શ્રી અરવિંદના ફક્ત અવશેષ નહી પરંતુ મહાપ્રભુ શ્રી અરવિંદની પૂર્ણ ચેતનાની પ્રતિષ્ઠા છે.

---

પ્રભુ વિરોધી આસુરિક શક્તિઓના આક્રમણથી ઘેરાયેલ જગત પોતાના આધ્યાત્મિક જીવન માટે લડી રહ્યું છે.

પ્રભુ ! અમે અભીપ્સા કરીએ છીએ કે અમે તારા વીર યોદ્ધાઓ બનીએ જેથી તારો મહિમા પૃથ્વી ઉપર અભિવ્યક્ત થાય.

- શ્રી માતાજી (સંદેશ - ૧૯૪૧)

# અભીપ્સા

- શ્રી જ્યોતિબેન થાનકી

પૂર્ણયોગના સાધક માટે અંતરમાં અભીપ્સા હોવી અનિવાર્ય છે. શ્રી અરવિંદે 'મા' પુસ્તકના પ્રારંભમાં જ જણાવે છે કે, ''એવી બે જ શક્તિઓ છે, જેમના કાર્યનો એક સાથે યોગ થાય તો આપણી યોગસાધનાના મહાન અને કષ્ટસાધ્ય ઉદ્દેશને સિદ્ધ કરવાને તે સમર્થ બને - એક નીચેથી એટલે કે માનવતામાંથી સાદ કરતી સ્થિર અને સદા જાગૃત અભીપ્સા - તમન્ના - ધગશ તથા બીજી, ઊર્ધ્વલોકમાંથી એનો પ્રત્યુતર આપતી પ્રભુની પરમ કરુણા. આમ માનવની અભીપ્સા અને પ્રભુની કરુણા - આ બે જો હોય તો આ રૂપાંતરની સાધના થઈ શકે. એમાં પણ પ્રથમ તો માનવના અંતરના ઊંડાણમાંથી અભીપ્સા જાગવી જોઈએ.

અભીપ્સા એટલે શું ? અભીપ્સા એટલે હૃદયમાંથી ભગવાન પ્રત્યે ઊઠતો સીધો પોકાર. આ કંઈ શબ્દોથી કરેલી માંગણી નથી. પણ અશબ્દ રીતે હૃદયમાંથી ભગવાનને મેળવવા માટે આત્માનો ઉત્કટ તલસાટ છે. તે છે અભીપ્સા. શ્રી માતાજી કહે છે કે જ્યારે બધું જ શાંત હોય છે, ત્યારે મૌનના હાર્દમાં એક એવી જ્યોતિ જલે છે, જે કદી ઓલવાતી નથી.'' આ જ્યોતિ એ જ તો છે, અભીપ્સા. પ્રભુને જાણવાની, તેમને જીવનમાં ઉતારીને જીવનને દિવ્ય બનાવવા માટેની જે તીવ્રતમ ઝંખના છે, એ જ અભીપ્સા છે. તે હૃદયમાંથી ઉદ્ભવે છે અને પરમાત્મા પ્રત્યે સીધી ઊંચે ચઢે છે. શ્રી માતાજીએ આશ્રમના બાળકોને વાર્તાલાપમાં જણાવ્યું હતું કે ''હૃદયમાંથી ઊઠતો એક સરળ, સીધો ને સચ્ચાઈ ભર્યો પોકાર, એ જ એક માત્ર અગત્યની વસ્તુ છે. એ બીજી બધી જ શક્તિઓ કરતાં વધારે જરૂરી ને અસરકારક છે.

અભીપ્સા એટલે ઈચ્છા નહીં.

અભીપ્સા એ ઈચ્છા નથી. એ ઈચ્છા કરતાં ઘણી જ ગહન છે. ઈચ્છાનું ઉદ્ભવ સ્થાન મન છે, તેથી ઈચ્છા માનસિક હોય છે. જ્યારે અભીપ્સાનું ઉદ્ભવસ્થાન હૃદય છે. ઈચ્છા એ મનોમય-પ્રાણમય છે. ઈચ્છાની અભિવ્યક્તિ શબ્દો દ્વારા થતી હોય છે, ને એમાં માંગણીઓ રહેલી હોય છે. જ્યારે અભીપ્સા શબ્દો દ્વારા નહીં,

પણ અંતરના ભાવ દ્વારા અનુભવાય છે. ઈચ્છામાં કામનાઓ, અહંપ્રધાન માગણીઓ ભરેલી હોય છે, પછી ભલે તે ભગવાન માટેની ઈચ્છા પણ કેમ ન હોય. જ્યારે અભીપ્સા તો આત્મામાંથી આવે છે. તેથી તેમાં સમર્પણનો શુદ્ધભાવ હોય છે. ઈચ્છાઓ બદલાયા કરતી હોય છે. તેથી ઈચ્છાના બળ પર કોઈ યોગ સાધના સ્થિર પણે કરી શકે નહીં. જ્યારે અભીપ્સામાં મનની કોઈ ગતિ હોતી નથી, અભીપ્સાના પાયા પર યોગ સિદ્ધ થઈ શકે છે. હૃદયમાંથી ઊઠતી પ્રજ્જવલિત અભીપ્સાની અગ્નિશિખા સાધકને ઝડપથી યોગમાર્ગે આગળ લઈ જાય છે.

**અભીપ્સાના લક્ષણો :**

શ્રી અરવિંદે 'મા' પુસ્તકમાં અભીપ્સા કેવી હોવી જોઈએ, એ વિષે જણાવ્યું છે કે, અભીપ્સા પહેરા જેવી, સતત, એકધારી, પ્રભુને માટેની અભીપ્સા હોવી જોઈએ. શ્રી માતાજીએ પણ ચૈતસિક અભીપ્સાના લક્ષણો જણાવતાં કહ્યું હતું; ''ચૈતસિક અભીપ્સા એકધારી, નિયમિત, વ્યવસ્થિત, નમ્ર, સાથે સાથે ધૈર્યવાળી, બધા જ વિરોધોનો સામનો કરનારી, બધી મુશ્કેલીઓ પર વિજય પ્રાપ્ત કરનારી હોય છે.'' આ પરથી આપણે અભીપ્સાના લક્ષણો આ પ્રમાણે ગણાવી શકીએ.

**૧. સદા જાગૃત :**

અભીપ્સા સતત જાગૃત હોવી જોઈએ, કેમકે જ્યાં સુધી આપણે મનની ભૂમિકામાં રહેતાં હોઈએ ત્યાં સુધી આપણે અભીપ્સામાં માનસિક સૂક્ષ્મ ઈચ્છાઓની ભેળસેળ થઈ જવાની પૂરી શક્યતા રહે છે. ઘણીવાર તો આપણે માનસિક ઈચ્છાઓને જ અભીપ્સાનું રૂપ આપી દેતાં હોઈએ છીએ. આ માટે સદા જાગૃત, જાગતા પહેરા જેવી, કે કોઈ અસાવધ પળે અંદર ઘૂસી ન જાય અને ઊંધે રસ્તે દોરી ન જાય. માટે શરૂઆતમાં ખૂબ જ સાવધ રહેવું પડે છે.

**૨. સતત, એકધારી, નિયમિત હોવી જોઈએ.**

અભીપ્સા પ્રત્યેક મનુષ્યના અંતરમાં રહેલી જ છે. પણ એ ક્યારેક પ્રગટ થાય છે, અને વળી ક્યારેક ભીતરમાં પાછી ચાલી જતી હોય છે. જ્યારે આપણે કોઈ સાચું પુસ્તક વાંચીએ કે સત્સંગ કરીએ ત્યારે આપણામાં પ્રભુને પામવાનો ભારે ઉત્સાહ જાગી ઊઠે છે. એ માટેના આપણે પ્રયત્નો પણ કરીએ છીએ, પણ એ પ્રયત્નોમાં ધીમે ધીમે ઓટ આવવા લાગે છે. આરંભનો ઉત્સાહ ઓસરી જાય છે.

પછી ભગવાનને મેળવવાની વાત ક્યાંય ભૂલાઈ જાય છે. તો આ પ્રકારનો ઉત્સાહ એ અભીપ્સા નથી. એ પ્રાણમય ઝંખના છે. આવી પ્રાણની ઝંખનાથી યોગ થઈ શકતો નથી. શ્રી માતાજી કહે છે, ''પાંચ મિનિટ તમારા માટે અભીપ્સા હોય અને દસ કલાક કંઈ નહીં, એક દિવસ ઉમળકો હોય અને મહિનાઓ સુધી કંઈ નહીં. એમ ને એમ ચાલતું રહે તો આ સ્થિતિમાં તમે યોગ કરી શકો નહીં. અભીપ્સા આપણા હૃદયમાં અગ્નિશિખા જેવી છે. જે સતત અને એકધારી હોવી જોઈએ. તેને નિયમિત રીતે પોષણ આપવું જોઈએ.

**૩. અભીપ્સા વ્યવસ્થિત, નમ્ર અને ધૈર્યવાળી છે :**

અભીપ્સા એ આત્મામાંથી ઊઠતો પોકાર છે. પણ તેમાં વ્યાકુળતા નથી. આવેગ નથી. અધિરાઈ નથી. એ છે, સ્થિર નિશ્ચલ, શાંત જ્યોતિ. જેનો પ્રકાશ આપણને ભગવાન પ્રત્યે લઈ જાય છે. આપણી એવી માન્યતા હોય છે કે ભગવાન માટે જો વ્યાકુળતા નથી તો તે અભીપ્સા ન કહેવાય. પરંતુ આ માન્યતા ભૂલભરેલી છે. શ્રી અરવિંદે આવા એક પ્રશ્નના ઉત્તરમાં સાધકને જણાવ્યું હતું કે ''આવેગથી પ્રજ્જવલિત રહેવું જરૂરી નથી. પરંતુ સ્થિર રહીને એકાગ્રતાની શક્તિ તથા એક સ્થિર અભીપ્સા પ્રાપ્ત કરવી જરૂરી છે... એમ વિચારવું કે વ્યાકુળતાની સતત ગેરહાજરી એવી નિશાની છે કે પરમાત્મા પ્રત્યેની અભીપ્સા કે સંકલ્પ સાચો નથી. તો એ ભૂલભરેલું છે.'' શાંતભાવે સ્થિર રહીને એકાગ્રતાપૂર્વક પ્રભુ સમક્ષ કરેલું નિવેદન વધારે અસરકારક બને છે. જેમ એકાગ્ર અભીપ્સા વધારે તેમ આંતરિક પ્રગતિ વધારે ઝડપી. શ્રી માતાજી કહે છે, ભલે, તમે પરમાત્માને બહાર શોધો કે અંદર શોધો, કે કોઈ રૂપમાં શોધો, પણ જો તમારી અભીપ્સા પૂરતી સાચા દિલની હશે, તો તમે ચોક્કસ લક્ષ્ય પ્રાપ્તિ કરવાના જ.''

**૪. અભીપ્સાથી પ્રાપ્ત થતી પ્રભુકૃપા :**

પૂર્ણયોગની સાધના કેવળ મનુષ્યની પોતાની શક્તિથી થઈ શકતી નથી. એ માટે પ્રભુકૃપા જોઈએ. પ્રભુકૃપા માટે અભીપ્સા હોવી જોઈએ. સાચા દિલની અભીપ્સાથી પ્રભુકૃપા જરૂર પ્રત્યુત્તર આપે છે. આ કોઈ કલ્પિત વાર્તા નથી. પણ આધ્યાત્મિક જીવનના મહાન સત્યો છે'' આપણાં શાસ્ત્રગ્રંથોમાં પુરાણ કથાઓમાં આ અંગેના અસંખ્ય ઉદાહરણો મળે છે. અંતરમાંથી ઊઠેલા તીવ્રતમ પોકારે પ્રભુકૃપા દ્વારા આવી મળતી સહાય અને રક્ષણના અનેક દૃષ્ટાંતો જોવા મળે છે. આત્મપ્રાપ્તિ માટે પણ અભીપ્સા અનિવાર્ય છે. તેના દ્વારા જ આત્માનો સંપર્ક થઈ શકે છે.

**૫. અભીપ્સા માટે નિશ્ચિત સ્થળ - સમય કે સંજોગોની જરૂર નથી :**

અભીપ્સા એટલે આપણા અંતરના ઊંડાણમાંથી પરમાત્મા પ્રત્યે વહેતી સીધી ભાવધારા. એ માટે કોઈ નિશ્ચિત સમય કે સ્થળની આવશ્યકતા નથી. પરમાત્માને તો ગમે ત્યારે, ગમે ત્યાં પોકારી શકાય છે. એનો સંપર્ક કરવા માટે કોઈ વિશિષ્ટ સંજોગોની પણ જરૂર નથી. હૃદયનો શુદ્ધભાવ અને તે દ્વારા પરમાત્મા પ્રત્યે થતો પોકાર. બસ આટલી જ જરૂર છે. શ્રી માતાજી કહે છે કે ''જ્યારે બધું જ ઓચિંતુ અંધકારમય બની જાય છે ત્યારે પણ જ્વાળા ને પ્રકાશ તો હંમેશા હોય છે જ.'' આ જ્વાળા, આ પ્રકાશ એ જ અભીપ્સા, જે અંધકારના ગાઢ વાદળોને પણ વિખેરી નાંખે છે. અજ્ઞાનના તોતિંગ ઢગલાઓને પણ ભેદી શકે છે.

**અભીપ્સા કેવી રીતે કરી શકાય ?**

અભીપ્સા દરેકમાં છે. દરેક મનુષ્યમાં ઊંડે ઊંડે પ્રભુને પામવાની ઝંખના તો રહેલી જ છે. પણ એ ઝંખનાનો અગ્નિ બધા લોકોમાં પ્રજ્જવલિત હોતો નથી. ઘણામાં ઢંકાયેલો, ઘરબાયેલો હોય છે. પણ હોય છે ખરો. હવે ક્યારેક એવા વિકટ સંજોગો ઊભા થાય તો અંતરમાં રહેલી એ અગ્નિશિખા પ્રગટ થઈ જાય છે. પણ પછી જો એની માવજત કરવામાં ન આવે તો તે પાછી ઊંડાણમાં ચાલી જાય છે. આથી અંતરમાં રહેલી એ અગ્નિશિખાને પ્રગટ કરીને પછી તેને વધુ ને વધુ પ્રજ્જવલિત કરતા રહેવાની છે. પ્રારંભમાં તો પ્રભુને નિવેદન રૂપે, શબ્દોની પ્રાર્થના રૂપે, પ્રભુ સાથેના વાર્તાલાપ રૂપે પ્રભુ સાથે સંબંધ બાંધવાનો રહે છે. શરૂઆતમાં તો તદ્દન માનસિક સ્તરે જ હોય છે. પણ જેમ પ્રભુ પ્રત્યેનો આપણો ભાવ શુદ્ધ થતો જાય, પ્રાર્થના ઉત્કટ બનતી જાય. તેમ તેમ પછી હૃદય ખૂલે છે, અને અંતરના ઊંડાણમાં રહેલી એ દિવ્ય અગ્નિશિખાની ઝાંખી જ્યોતિ રૂપે પ્રગટ થાય છે. પછી તેને ખીલવવાની રહે છે. વધુને વધુ પ્રજ્જવલિત કરતા રહેવાની છે. શ્રી માતાજી કહે છે કે ''અભીપ્સા બીજી ક્રિયાઓની જેમ ખીલવવાની અને કેળવવાની વસ્તુ છે. જો તમારામાં થોડીક અભીપ્સા હોય તો પછી તમે સ્નાયુઓને કેળવો છો, શરીરને કેળવો છો, તેમ તમે અભીપ્સાને પણ કેળવીને બળવાન બનાવી શકો છો.'' હૃદયમાં રહેલી અભીપ્સાને ખીલવવી પડે છે. એ માટે જાગૃત રહીને પ્રયત્ન કરવો પડે છે. અંતરમાં રહેલી એ અગ્નિશિખા સતત પ્રજ્જવલિત રહે અને ઉત્તરોત્તર વિકસતી રહે એ માટે મનુષ્યે પ્રભુને સતત પોકારતા રહેવું પડે છે. શ્રી માતાજી કહે છે : ''અભીપ્સાની જ્યોતિ આપણને પ્રકાશ આપે છે, પણ ક્યારેય દઝાડતી નથી. એના પ્રકાશમાં શક્તિ છે, ઉષ્મા છે, પણ દાહકતા નથી.

આપણા અંતરના ઊંડાણમાં જલી રહેલી એ નાની શી જ્યોતિને આપણે પ્રચંડ અગ્નિશિખામાં પલટાવી શકીએ છીએ.

**અભીપ્સા દ્વારા થતો આત્માનો સંપર્ક :**

અભીપ્સા અંતરના ગુહ્ય દ્વારોને ખોલી દઈ શકે છે, અને આપણને આત્માનો સંપર્ક કરાવી આપે છે. અજ્ઞાનના ઢગલાથી દટાયેલા, અહંકારથી ઘેરાયેલા હોવાને પરિણામે આપણે આપણા સાચા સ્વરૂપથી કપાઈ ગયેલાં છીએ. એ સાચા સ્વરૂપમાં ફરી આપણને મૂકી દેવાનું સામર્થ્ય અભીપ્સામાં રહેલું છે. શ્રી માતાજી કહે છે; ''આપણી અંદર રહેલો આપણો અંતરાત્મા, બહારના અજ્ઞાનના ઢગલાથી સાવ દટાઈ ગયો છે, એની મુક્તિ માટે આક્રંદ કરતો પોકાર, આતુર ધ્યાનનું દબાણ, જ્ઞાનમાટેની તીવ્રતમ ખોજ, હૃદયની ઉત્કટ ઝંખના, અત્યારે ભલે અજ્ઞાનમાં રહેલી હોય છતાં સત્યનિષ્ઠ એવી અતિદૃઢ સંકલ્પશક્તિ, આ વસ્તુઓ આપણી ઊર્ધ્વ પ્રકૃતિ અને નિમ્ન પ્રક્રૃતિનું જે ઢાંકણ છે, તેને ભાંગી નાંખે છે અને હૃદયના બંધ દરવાજાને ખોલી નાંખે છે.''

આ રીતે સતત જાગૃત અભીપ્સા દ્વારા હૃદયના બંધ દરવાજા ખૂલે છે, અને એમાંથી પ્રગટ થતો આત્માનો પ્રકાશ સમગ્ર અસ્તિત્ત્વ પર ફરી વળે છે. એ આત્મપ્રકાશ દ્વારા જ પ્રકૃતિના દિવ્ય રૂપાંતરની સાધના શક્ય બને છે.

---

(અનુસંધાન પાના નં. ૩૭ ઉપરથી) **પત્રોત્તર**

સાત્વિકતા એ વસ્તુ તેના કાર્યનો કેન્દ્રીય ભાગ નથી. તેના ઉપદેશના કેન્દ્રીયભાગમાં આવે છે આધ્યાત્મિક અવસ્થાઓનું પ્રગટીકરણ અને તેને પોતાના અન્ય શિષ્યોમાં કરેલું આરોપણ અને સ્થાપન.

ધર્મ જ્યારે આ ઘટનાઓને પોતાની રીતે વર્ણવે છે, ત્યારે તેમાં માનસિક કઠોરતા આવી જાય છે અને તે પોતામાંનુ સત્ય ગુમાવી બેસે છે. તેને એક ચમત્કારનો દરજ્જો અપાઈ જાય છે. ચેતાનાના વિકાસક્રમનો નહિ. સત્યના અનંત પાસા છે. તેમને મનની અભિવ્યક્તિ દ્વારા આવરી લેવા શક્ય નથી. ચેતનાના વિકાસના સંદર્ભમાં જ અવતારનું રહસ્ય છુપાએલું હોય છે. વિકાસના સંદર્ભમાં જ અવતારનું રહસ્ય છુપાએલું છે.

# પત્રોત્તર

## અવતાર

પ્રકરણ - ૩

(યોગ વિષે પત્રો ભા.-૧ - પેજ ૪૫૦ થી ૪૮૯)

- માન

અવતાર એવું સ્વરૂપ હોય છે જેની દ્વારા પરમ-ચેતના ઉત્ક્રાંતિની કોઈ મડાગાંઠ ઉકેલવા પ્રયત્ન કરતી હોય છે. અવતાર પોતાનું અવતારી કાર્ય સમગ્ર જીવનભર કરતો હોય છે અથવા કોઈ ઘટના પુરતો જ કરતો હોય છે. પણ અવતારી-કાર્ય કરતી વખતે તેનામાં વિરલ ક્ષમતા પ્રગટ થવા માંડે છે, જે તેના અવતારી-કાર્યને માટે જ જરૂરી હોય છે. તે વખતે તેની ચેતના માનવ - ચેતનાથી ઉપર ઉઠીને કાર્ય કરતી હોય છે અને તેને કારણે સમાજમાન્ય નિતિનિયમો કે રૂઢિઓ કે આદર્શોથી પણ તે ઉપર ઉઠીને કાર્ય કરવા લાગે છે. તેથી તેનું વર્તન તત્કાલિન નિતિનિયમોનું બંધન સ્વિકારતું નથી એવું લાગે છે.

વિભૂતિઓ ઊત્ક્રાંતિની મડાગાંઠ ઉકેલ્યા પછી નવી જન્મેલી ઊત્ક્રાંતિની ચેતનાના તબક્કાને સ્થિર કરવા, વિસ્તૃત કરવા કે વિકસીત કરવા કાર્ય કરતી હોય છે. લશ્કરની અગ્રહરોળ જેમ નવો પ્રદેશ જીતે છે અને દ્વિતીય હરોળ ત્યાં વ્યવસ્થાપનને સ્થિર કરે છે તેવી આ ઘટના લાગે છે.

મધ્યયુગમાંના શંકરાચાર્ય અને આધુનિક-વિવેકાનંદના દાખલા વિભૂતિનું સ્વરૂપ સમજવા માટે પુરતા છે.

ભક્તો પણ અદ્વૈતભક્તિના ભાવાવેશમાં પરમાત્મા સાથે એકરૂપતા અને તેની પ્રત્યક્ષ હાજરી અનુભવતા હોય છે પણ તેઓ ઉત્ક્રાંતિનો કોઈ નવો તબક્કો શરૂ કરતાં નથી પણ સાધનાની ખૂબજ ઉન્નતિ દર્શક અવસ્થાનાં નિર્દેશો આપે છે. તેઓ વિભૂતિ જેમ ચેતનાના નવા તબક્કાને વિકસાવવામાં, વિશાલ કરવામાં કે સ્થિર કરવામાં પણ સક્રિય બનતાં દેખાતા નથી.

અવતાર સાથે અનેક વિભૂતિઓ પણ જન્મતી દેખાય છે, જેનો અર્થ છે ઉત્ક્રાંતિના નવા તબક્કાને રચી તત્કાલિક સ્થિર કરવાનો પ્રભુનો સંકલ્પ છે. ભગવન શ્રીકૃષ્ણ અવતાર હતાં તો તેમની સાથે વિભૂતિઓ પણ હતી. (દા.ત. અર્જુન જેને ગીતા પાંડવોમાંની વિભૂતિ ગણાવે છે. (પાંડવાનાં ધનંજયઃ)

ઘણી વખત વિભૂતિ અને અવતાર બન્ને વચ્ચેની સ્થિતિ રચાતી દેખાય છે. જેને અંશાવતાર કહેવામાં આવે છે. ક્રાઈસ્ટ પોતાને ઘણી વખત પોતાના પિતા (પરમાત્મા) સાથે એકરૂપતા અનુભવતા તેમ છતાં તેમણે પોતાને પ્રભુના પુત્ર અર્થાત અંશ તરીકે જ ઓળખાવ્યા છે. આવી ઘટનાને અંશાવતાર કહી શકાય.

(આજકાલ અવતાર વિષે એક નવો શબ્દ ઉમેરાયો છે. આવેશાવતાર. આવી ઘટનામાં તે પ્રભુના આવેશ દરમિયાન કોઈ અવતારી કાર્ય કરે છે, બાકી જીવન સર્વસામાન્ય માનવ જેવું જ જીવતો હોય છે)

અવતાર ઉર્ધ્વ-ચેતના પ્રત્યેનો દરવાજો ખોલનાર, નવો ઉત્ક્રાંતિનો માર્ગ કંડારનાર સંશોધક હોય છે.

અવતારવાદ બાબત એક ખોટો ખ્યાલ છે. અવતારના જીવનમાં દેખાતો સંઘર્ષ એ તે અવતારની લીલામાત્ર હોય છે. ખરેખર તેમાં પરમ-ચેતનાની હાજરી હોવાથી તેને માટે સંઘર્ષ એ અપુર્ણતાનું, અક્ષમતાનું લક્ષણ ગણાય. આ ખરેખર તો ભક્તનો પ્રભુ પ્રત્યેનો અહોભાવ હોય છે. પૂર્ણ-ચેતનાને બધુ જ શક્ય હોવું જોઈએ, જેમાં સંઘર્ષ ખેલવો એ પણ આવી જાય છે. તે સ્વેચ્છાએ અજ્ઞાન અને અશક્તિને ઓઢી લે છે અને સાચો સંઘર્ષ ખેલે છે. એમ માનશું તો જ અવતારનું અવતારી કાર્યનું પ્રયોજન સફળ થશે.

અવતાર ફક્ત માર્ગ કંડારી આપે છે એટલું જ નથી પણ તે માર્ગમાં આવતી વિપત્તિઓ અને અવરોધો ઉપર વિજય કેમ મેળવવો એ શિખવવા પણ તેઓ આવેલા હોય છે. તેઓ માનવો કે ઈતર માનવેતર પ્રાણીઓ સામે દાખલો બેસાડે છે. જે તેમણે શક્ય કરી બતાડ્યું તે બધાને જ શક્ય છે એમ તેઓ દર્શાવવા જ આવેલા હોય છે.

બીજી એક ગેરસમજ છે કે, અવતારે અવતાર તરીકે જ કાર્ય કરવું જોઈએ. તેણે સર્વસામાન્ય માનવ કે પશુ તરીકે જીવવું પણ ન જોઈએ. આ શ્રદ્ધા એ વસ્તુ ભૂલી જાય છે કે અવતારે સ્વેચ્છાએ પોતાનું શરીર માનવી તરીકે કે અન્ય પ્રાણી તરીકે ધારણ કરેલ છે અને તેણે સ્વિકારેલી મર્યાદાઓ એ સ્વેચ્છિક ઘટના છે. તેણે બધા જ બંધનો માન્ય કરીને કાર્ય કરવાનું નક્કી કર્યું હોય છે. છતાં પ્રસંગે જરૂર પડે તો બંધન તોડીને અલૌકિક અતિમાનવી પણ કાર્ય કરે છે.

અવતાર બાબત ત્રીજી પણ ગેરસમજ છે કે અવતારમાં પાશવી કે માનવી ન્યૂનતાઓ, વિકારવશતા, ભાવનાશીલતા, પતનો જેવા પ્રકારો હોતા નથી. પણ

જ્યારે તેણે પાશવી કે માનવી મુખવટો સ્વેચ્છાએ ઓઢ્યો હોય ત્યારે તેણે તે બધી વસ્તુઓ સ્વિાકારેલી જ હોય છે. અવતારોને પણ કામવાસના કે ક્રોધ હોઈ શકે છે. તેમને બાળકો હોઇ શકે છે. તેમને સમસ્યાઓ, મુંઝવણો, નિરાશા કે રોગ, ઘડપણ, મૃત્યુ, બધું જ હોઇ શકે છે. ભગવાન શ્રીકૃષ્ણને શરદી કે ઉધરસ નહિં જ થઈ હોય એવું માનવું અશક્ય છે. તેમને પણ પારધીના બાણનું ઝેર ચડ્યું અને મૃત્યુ પામ્યા એ તો હકીકત છે. અવતારોને પણ શરીર-ધર્મો હોય જ છે. તેમણે તે સ્વેચ્છાએ સ્વિકારેલાં છે એટલું જ. જ્યારે આપણે કર્માનુસાર સ્વિકારેલાં હોય છે.

ગીતા જણાવે છે કે અવતારને પોતાનું કોઈ કર્તવ્ય હોતું નથી, તેનો અર્થ એવો છે કે તેને પોતાને તેની જરૂર નથી, પણ લોકસંગ્રહ માટે કે ઉત્ક્રાંતિની મડાગાંઠ છોડાવવા જ તે વિશિષ્ટ કામ લઈને આવેલા હોય છે.

અવતારના કાર્યનો ફાયદો જે તેમને અવતાર તરીકે ઓળખે છે તેમને વધારે થાય છે કારણ તેઓ તેમના કાર્યનું મહત્ત્વ ઓળખતા હોય છે અને તેથી પોતાના જીવનમાં પણ તે જ કાર્યને અગ્રક્રમ આપતા હોય છે. જેઓ તેમને ઓળખી શકતા નથી તેમને તે જન્મે કોઈ ફાયદો થતો નથી. પણ ઉત્ક્રાંતિ થતાં થતાં તેમના કાર્યનું મહત્વ ઓળખે છે ત્યારે અવતાર શરીરથી હાજર ન હોય છતાં તેના કાર્યનો ફાયદો તેમને મોડો પણ મળતો જ હોય છે.

અનંત ચેતનાને સાંત સ્વરૂપમાં, મર્યાદિત સ્વરૂપમાં કેવી રીતે પ્રગટ કરવી એ મુશ્કેલ કાર્ય અવતારી પુરુષ કરતો હોવાથી તેના કાર્યને માનવી દૃષ્ટિથી મૂલવવું એ મોટી ભૂલ હોય છે.

અવતાર કે વિભૂતિ નાસ્તિક પણ હોઈ શકે છે. પણ અહિં નાસ્તિક એટલે પ્રચલિત ધર્મમાં ન માનનાર. આંતરિક રીતે તેને વિશ્વપ્રકૃતિ કે પરમાત્મામાંથી વિશેષ ક્ષમતાઓ અને અંતઃપ્રેરણાઓ કેવી રીતે મેળવવી એ તે જાણતો જ હોય છે. તેથી અવતાર ધાર્મિક સ્વભાવનો ન પણ હોય. દા.ત. મત્સ્ય, કુર્મ, વરાહ અવતાર પશુ યોનિનાં હોવાથી ત્યાં આસ્તિકતા કે ધાર્મિકભાવનો પ્રશ્ન જ ઊપસ્થિત થતો નથી.

અવતારના અવતારભાવને જાણવા ઉર્ધ્વ-દિવ્ય-ચેતનામાં આરોહણ કરીને જ આંતરિક ખાત્રી મેળવી શકાય છે. બાહ્ય ચિહ્નોથી અવતારીપણું ઓળખાતું નથી.

અવતારમાં અતિમાનવ ક્ષમતાઓ હોય છે એવો પણ સર્વસાધારણ ખ્યાલ

છે. લોકોની દૃષ્ટિએ ખોરાક લીધા વગર જીવવું, માનવીને અશક્ય કામ કરવા દા.ત. ખીલા ખાઈ જવા. ભવિષ્ય જાણવું, લોકોને સ્પર્શથી સાજા કરવા વગેરે. અવતાર પરિસ્થિતિ અનુસાર પોતાના કાર્યને રંગરૂપ અને ઘાટ આપે છે. નહિ કે ચમત્કાર કરીને પ્રભાવ પાડવા.

લોકોની બીજી એક ભ્રમણા છે કે અવતાર કોઈ વખત કોઈ કાર્યમાં નિષ્ફળ જતો નથી. પરંતુ પૂર્ણપ્રભુ સંયોગોનુસાર નિર્ણય લે છે. પોતાનું કાર્ય પૃથ્વીની ચેતના ખમી શકે એમ ન હોય તો તે વિલંબમાં નાખી શકે છે. આવી ઘટના લોકોને નિષ્ફળતા સ્વરૂપ લાગે છે. પ્રભુ માટે તો તે એક આયોજનના ભાગરૂપે હોય છે. ઘણી વખત નિષ્ફળતામાંથી જલદ સફળતા મળતી હોય છે. દા.ત. યેશુની પોતાને બચાવવાની નિષ્ફળતા, અને તેનું ક્રોસારોહણે જ ખ્રિસ્ચિન-ધર્મને મોટા પાયે ફેલાવો કરતા કર્યો. અથવા એવું પણ બની શકે છે કે પ્રભુના અવતારી કાર્યને સમજવાની ક્ષમતા હજી સમાજમાં વિકાસ પામી નથી પણ તેને વેગ મળે માટે જ આવી ઘટનાનું આયોજન કરવામાં આવેલ છે.

ભૂતકાળના અવતારો પણ સત્વ સ્વરૂપે હજી શૂક્ષ્મલોકમાં વિદ્યમાન છે. તેઓ આજે પણ વિકસતા સાધકોને પોતાના અવતારી કાર્યની કક્ષાએ જે તે ક્ષેત્રમાં મદદરૂપ થાય છે (શ્રી અરવિંદને અલિપૂર જેલમાં ભગવાન શ્રીકૃષ્ણે ગીતાનું રહસ્ય સમજાવેલું) તેઓ પૃથ્વી-ચેતનાના વિકાસના જીવંત તબક્કા સ્વરૂપે, ચેતના તરીકે, અસ્તિત્વ ધરાવતા જ હોય છે. આ રીતે અભિતાભ બુદ્ધ અને રામ, કૃષ્ણ અને પરશુરામના માર્ગદર્શને અનેકને આધ્યાત્મિક વિકાસમાં પ્રયોજ્યા છે.

વૃંદાવનથી ઘટનાઓને શ્રી અરવિંદ શરૂઆતમાં પ્રતીકાત્મક ગણતા. તેમના મતે તે પ્રકૃતિ અને ચૈત્યપુરુષની પૂર્ણ સંવાદમય સ્થિતિનું પ્રતીક છે. જેમ અર્ધનારી નટેશ્વરનું છે. પણ પાછળથી આવેલી અનુભૂતિઓએ તેમની આ ભૂમિકા બદલી નાખી છે. એ ઘટના ખરેખર દિવ્ય-જગતોમાં નિરંતર ચાલી રહી છે. અને કૃષ્ણભક્તો તેનો સત્ય અનુભવ લઈ શકે છે. (આ કદાચ દિલીપકુમાર રોય અને ઈંદિરાદીદીની અનુભૂતિઓ બાદનો ફેર વિચાર હોય. બંસી આજે પણ બજે છે એ દિલીપકુમારની અનુભૂતિ છે જ) પણ આ અવસ્થા અંતિમ તો નથી જ. પણ વધારે ઉર્ધ્વ ચેતનાના પ્રદેશ તરફ ઉઘાડ લાવી શકે છે.

અવતારોનો તત્કાલિન સમાજને અનુલક્ષીને કરેલો નૈતિક ઉપદેશ,

(અનુસંધાન પાના નં. ૩૩ ઉપર)

# યોગેશ્વરનો યોગ

પ્રકરણ-૩

## બે નિષ્ઠા

(અ-૨, શ્લોક - ૨૬-૪૬)

- માન

અર્જુન, સમજ તને આ આત્માની સનાતનતામાં જરા પણ વિશ્વાસ નથી અને તું એમ માને છે કે આત્મા શરીર સાથે જન્મે છે અને શરીર સાથે મરે છે (નિત્યજાતં - ૨/૨૬) તો પછી તારે જરાપણ ચિંતા કરવાની જરૂર નથી. બધાને મરવાનું જ છે. તું મારીશ તો જ મરશે એવું નથી. યુદ્ધમાં બધા ભેગાં થયા છે. તેમને ખબર છે કે આમાં મરણ પણ થાય. તેઓ તે રીતે તૈયાર થઈને જ આવેલાં છે. તો તું શા માટે નાહક ચિંતા કરે છે. જે જન્મે છે તે મરવાનો જ છે. એ તો સનાતન નિયમ છે. (અંતવંત ઈમે દેહાઃ૨/૧૮)

ખરેખર તો, હે અર્જુન, આ બધા લોકો જન્મ પહેલાં અવ્યક્ત સ્વરૂપે હતાં જ (અવ્યક્તાદિની-૨/૨૮) અને જન્મ્યા પછી વ્યક્ત થયાં છે (વ્યક્ત મધ્યાનિ - ૨/૨૮) અને મરણ થતાં ફરી અવ્યક્તમાં જતાં રહેવાનાં છે. (અવ્યક્તનિધનાન્યેવ - ૨/૨૮) આ ઘટનાક્રમ અવ્યાહત ચાલવાનો જ છે તો પછી તેનો શોક શા માટે? (કાપરિદેવના ૨/૨૮)

આ ગૂઢ આત્મ તત્ત્વ બાબત આશ્ચર્ય લાગે છે (આશ્ચર્યવત્ - ૨/૨૮) તેનું વર્ણન કરતાં પણ તેઓ આશ્ચર્ય જ વ્યક્ત કરે છે. સાંભળનારાં પણ તે સાંભળી આશ્ચર્ય પામે છે. આ બધુ કરવા છતાં આત્મતત્ત્વને યથાર્થરીતે જાણનારા કેટલાં? ભાગ્યે જ કોઈ હશે (ન વેદ - ૨/૨૯)

આત્મતત્ત્વ દેહ દ્વારા પ્રગટ થાય છે પણ તેને મારવો શક્ય જ નથી (અવધ્યા - ૨/૩૦) તેથી તેમની હત્યા થશે એવી ભ્રાંતિમાં ન રહે.

વળી તું તો ક્ષત્રિય છે. તારે માટે યુદ્ધ એ પાપ નથી, તારું કર્તવ્ય છે. વધારામાં આ યુદ્ધ તમે ન્યાય મેળવવા કરી રહ્યાં છો. બીજા ઉપર અન્યાય કરવા તો નહિ ! તેથી તારા માટે તો યુદ્ધ કરવું જ યોગ્ય છે (ધર્મ્યાદ્ધિ યુદ્ધાત્છ્રેયોન્યત્ ન - ૨/૩૧)

અને સમજો, તું આ તમારા માટે યોગ્ય એવું યુદ્ધ નહિ કરે તો શું તારી કીર્તિ વધશે એમ માને છે? જરા પણ નહિ, તું સ્વધર્મ ચુક્યો અને તું નિંદાને પાત્ર જ છે. એમ જ લોકો માનશે. અને તારી આ નિંદા ઈતિહાસમાં વારંવાર કહેવામાં આવશે. સ્વાભિમાની ક્ષત્રિયને અપકીર્તિ તો મરણ રૂપ લાગે છે એ તું શું જાણતો

નથી? (અકીર્તિર્મરણાદતિરિચ્યતે - ૨/૩૪)

અને આ મહારથીઓ તો એમજ કહેશે કે તું તેમનાથી ડરીને યુદ્ધભૂમી ઉપરથી ભાગી ગયો છે. જે લોકો તને સન્માનથી જોતા હતા તે પણ તારી તરફ હીનબુદ્ધિથી જોવા માંડશે. તને કાયર કહેશે (યાસ્યસિ લાઘવમ - ૨/૩૫)

તારી નિંદા કરનારને તો મોટો મોકો મળી જશે. તેઓ ન બોલાય એવું તારા માટે બોલશે (અવાચ્યવાદાંશ્ચ - ૨/૩૬) તારા પરાક્રમને તે ભૂતકાળ ગણી હસશે. આથી વધારે તાપદાયક શું હશે, અર્જુન ! (દુઃખતરં ન કિમ - ૨/૩૬) અર્જુન, યુદ્ધમાં તુ મરીશ તો ક્ષત્રિય ધર્મ બજાવવાને કારણે તને સ્વર્ગ મળશે. (હતો વા પ્રાપ્સ્યસિ સ્વર્ગમ્ - ૨/૩૭) જો જીવીશ અને વિજય મળશે તો આ પૃથ્વીનું રાજ્ય તને ભોગવવા મળશે. તેથી હે કૌન્તેય ઉભો થા અને યુદ્ધ કરવાનો દૃઢ નિર્ધાર કર. (યુદ્ધાય કૃતનિશ્ચયઃ - ૨/૩૭) આ તો તને વ્યાવહારીક કારણો આપ્યાં છે. જે તું ખૂબજ મહત્વનાં ગણે છે. તારા જીવનમાં તને તે ક્ષત્રિયતું કર્તવ્ય તરીકે લાગે છે. માટે તને જણાવ્યા છે પણ અર્જુન, તેથી પણ વધારે મહત્ત્વનાં અને આધ્યાત્મિક કારણો પણ છે જે તને યુદ્ધ કરવાની હિમાયત કરશે.

કર્મ કરવાથી પાપ કે પુણ્ય મળે છે જ, આવું પણ નથી. એવી પણ યુક્તિઓ છે કે જેથી કર્મ કરવા છતાં તને પાપ કે પુણ્યનો વિચાર પણ નહિ સ્પર્શી શકે તો તેમના પરિણામ ભોગવવાની તો ક્યાંથી વાત આવે. (નૈ નં પાપમવાપ્સ્યસિ - ૨/૩૮)

કર્મ આપણને બાંધે છે તે કર્મના પોતાના સ્વરૂપને કારણે નહિ પણ કર્મ માટે સેવાતો કર્તાભાવ જ માણસને કર્મના ફળ સાથે બાંધે છે (કર્મબંધમ્ - ૨/૩૯)

અધ્યાત્મમાં કર્તાભાવનો નાશ કરવાની બે પદ્ધતિ જણાવેલ છે. તેમને જ સાંખ્યબુદ્ધિ અને યોગબુદ્ધિ કહે છે. ઘણા લોકો સાંખ્યનિષ્ઠા અને યોગનિષ્ઠા કહે છે. બુદ્ધિ અથવા નિષ્ઠાનો અર્થ છે, કર્મ પ્રત્યે જોવાની આપણી ભૂમિકા. આપણું વલણ, આ વલણ આપણી બુદ્ધિ લેતી હોવાથી તેને 'બુદ્ધિ' કહે છે. અને બુદ્ધિને તે વલણની સત્યતામાં દૃઢ વિશ્વાસ અને શ્રદ્ધા હોવાથી તેને 'નિષ્ઠા' પણ કહે છે. આમાં કર્મના આરંભનો નાશ થતો નથી અને કર્મફળ પણ મળતું નથી (નેહાભિક્રમનાશોસ્તિ - ૨/૪૦) બન્ને રીતે હીતકારી છે. વ્યવહારમાં કર્મ જરૂરી છે જ્યારે અધ્યાત્મમાં કર્મફળથી છૂટકારો.

સાંખ્યબુદ્ધિ કપિલમુનીનાં સાંખ્ય દર્શન ઉપર આધારિત છે તેથી તેને સાંખ્ય નિષ્ઠા કહે છે. સાંખ્યબુદ્ધિમાં બુદ્ધિને અભ્યાસથી એવી ધારણા કરાવાય છે કે

આત્મતત્ત્વ તો નિષ્ક્રિય છે. તેમાં અહંકાર ન હોવાથી તેમાં કર્તાભાવ સંભવતો જ નથી. કર્મ સાથે તેને કોઈ લેવા દેવા નથી. આત્મતત્ત્વની હાજરીથી જ આપણા મન, પ્રાણ અને શરીરરૂપી પ્રકૃતિ પોતાની મેળે સ્વભાવાનુસાર કાર્ય કરવા માંડે છે. દરેક તત્વનું પોતાનું ખાસ કાર્ય છે.

મન વિચારો નિર્માણ કરે છે. આયોજન કરે છે અને તેમને અનુભવે છે. પ્રાણ ભાવનાઓ અને વિકારો નિર્માણ કરે છે અને તેને અનુભવે છે. શરીર કાર્ય કરે છે. અને તેને અનુભવે છે. આ ત્રણે તત્ત્વોના ત્રણ જન્મજાત સ્વભાવ છે. ગુણધર્મ છે, તેથી તેમને જ 'ત્રિગુણ' કહે છે. તેમના આ જન્મજાત સ્વભાવને જ 'પ્રકૃતિ' કહે છે. તેથી અધ્યાત્મ શાસ્ત્રમાં પ્રકૃતિને ત્રિગુણાત્મિકા કહે છે.

લોહચુંબકનાં હાજરીથી જેમ સોય ઉછળ-કુદ કરવા માંડે તેમજ આત્મતત્ત્વના હાજરીથી આ પ્રકૃતિ પોતાના કાર્યો કરવા માંડે છે. શું અર્જુન તું અનુભવતો નથી કે તારી અંદર સતત વિચારો, ભાવનાઓ અને કૃતિ કરવાની ઈચ્છા જાગૃત થાય છે અને શમી જાય છે. સતત આમનો પ્રવાહ વહેતો જ હોય છે. આ જ 'સંસાર'નું સાચું સ્વરૂપ છે. 'સંસાર' એટલે સતત આગળ વધતો પ્રકૃતિના કાર્યનો પ્રવાહ.

આપણે આ વાસ્તવિકતા આપણાં બુદ્ધિમાં ઠસાવવાની છે અને એ રીતે અનુભવતા શિખવાનું છે કે વિચારો, ભાવનાઓ, કર્મ હું નથી. હું તદ્દન નિર્લેપ છું. અચળ છું. હું આ બધાનો દૃષ્ટામાત્ર છું. આવુ વલણ સતત ધારણ કરવાથી આપણને કર્મના ફળ સ્વરૂપ સુખદુઃખ, જય અપયશની પીડા સ્પર્શી પણ નહિ શકે. યુદ્ધ કરતી વખતે જો તું આવી 'સાંખ્યનિષ્ઠા' ધારણ કરીશ તો તને કર્મનાં ફળ સ્વરૂપ પાપ સ્પર્શી પણ નહિ શકે.

પરમાત્મ તત્વ સાથે જોડાઈ જવું એ યોગ છે. તેથી 'યોગનિષ્ઠા'માં આ સાંખ્યનિષ્ઠા કરતા જુદા પ્રકારનું બુદ્ધિનું વલણ હોય છે. આમાં આત્મતત્ત્વ તદ્દન નિષ્ક્રિય છે, એવું માનવામાં આવતું નથી પણ આત્મ તત્ત્વનું જ શ્રેષ્ઠત્તમ સ્વરૂપ એવું પરમ-આત્મતત્ત્વ જ આ શરીર દ્વારા પોતાના સંકલ્પાનુસાર કાર્ય કરી રહ્યું છે. આ કાર્યનો કર્તા તે છે. હું નથી હું તો એક માધ્યમ છું. મારી દ્વારા કર્મ કરાવનાર તત્ત્વ પરમાત્મતત્ત્વ છે અને તેના ફળ પણ તે જ સ્વિકારે છે. આ રીતે પરમાત્મ તત્વ સાથે જોડાઈ જવાનું છે.

આ નિષ્ઠાની વિશાષતા એ છે કે આમાં કર્તાભાવનો નિષેધ નથી. પણ તે કર્તાભાવ પરમાત્મા સ્વિકારે છે. આપણે નહિ. કર્મની શરૂઆત જ કર્તાભાવમાંથી

થાય છે. તેથી કર્મનું તે બીજ છે. કર્મના આરંભનો આમાં નાશ કરવામાં આવતો નથી (નેહાભિક્રમનાશોસ્તિ - ૨/૪૦) વળી બીજી વિશેષતા એ છે કે કર્મને કારણે જ પાપ અને દુઃખ રૂપી વિપરીત પરિણામ આવે છે તેવા આમાં વિપરીત પરિણામ (પ્રત્યવાય - ૨/૪૦) પણ આવતા નથી, કારણ કર્મનો કર્તા તો પરમાત્મા છે. તેમણે જ કર્મના ફળ સ્વિકારવાનાં હોય છે. આમાં આપણી ભૂમિકા પછી કેવી હોય છે ? આપણે ફક્ત પોતાને તે કર્મનું  નિમિત્ત માત્ર અર્થાત સાધનમાત્ર ગણીએ છીએ. નિમિત્ત પોતે કર્તાભાવ અનુભવતું જ નથી. તે એક માધ્યમ બની જાય છે. સંદેશવાહક બની જાય છે. તેની પોતાની કોઈ જવાબદારી રહેતી નથી. તેથી આવી 'યોગ-નિષ્ઠા'થી પણ કર્મના ફળ સ્વરૂપ પાપ અને દુઃખથી બચી જવાય છે.

આ યોગનિષ્ઠાની ત્રીજી પણ એક વિશેષતા છે. આ નિષ્ઠા આપણામાં પુરેપુરી સિદ્ધ ન થઈ હોય તો પણ તેના પરિણામ તો શરૂઆતથી જ દેખાવા માંડે છે. ભલે ફળ અધુરા હોય પણ તેનો પરિણામ તાત્કાલિક અનુભવાય છે. તેથી આવું થોડું ઘણું પણ વલણ (સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય - ૨/૪૦) આપણને કર્મ બંધનના મોટા ભય સામે સંરક્ષણ આપે જ છે.

માનવોની બુદ્ધિ બે પ્રકારની હોય છે. બુદ્ધિનું કાર્ય છે 'નિર્ણય' લેવો. નિશ્ચય કરવો. તે જ તેનું કાર્ય છે. તે જ તેનો વ્યવસાય અર્થાત ધંધો છે. તે કાર્ય જો તે બરાબર કરે તો તેને 'વ્યવસાયાત્મિકા બુદ્ધિ' કહે છે અને દૃઢ-નિશ્ચય ન કરી શકે તો તેને 'અવ્યવસાયાત્મિકા' બુદ્ધિ કહે છે.

આ 'યોગનિષ્ઠા'માં આપણે જાણીએ છીએ કે કર્મના ફળ સ્વરૂપ પાપ અને દુઃખ એ રોગ છે. એ રોગની ઔષધિ પણ એક જ છે અને તે છે 'નિમિત્ત માત્ર' તરીકેનો ભાવ. પરમાત્માને જ કર્મનું કર્તાપણું અને ભોકતાપણું આપી દેવું. આને જ 'કર્મફળ ત્યાગ' કહે છે. મૂળભૂત રોગ પણ એક જ છે અને તેની દવા પણ એક જ છે. તેવો દૃઢ નિશ્ચય છે. તેથી આ યોગ-નિષ્ઠામાં વ્યવસાયાત્મિકા બુદ્ધિ હોય છે. અને તે કાયમ એક જ સ્વરૂપની હોય છે. (વ્યવસાયાત્મિકા બુદ્ધિરેકે હ - ૨/૪૧)

વેદોના ખોટાખોટા અર્થ કરીને વાદ-વિવાદ કરનારાઓ પણ છે. તેમને 'વેદવાદરતાઃ' કહેવાય છે. તેઓ ખરેખર વેદને સમજી જ શકતા નથી. (વિપશ્ચિતઃ - ૨/૪૨) પણ ભોળા લોકોને ખૂબજ સુંદર ભાષાથી મોહિત કરી જણાવે છે કે તમે દુઃખી છો કારણ તમે ગત જન્મમાં આ પાપ કર્યું અને તે પાપના

પ્રાયશ્ચિત માટે તમારે આ વિધિ કરાવવી પડશે. તે વિધિથી તમને રાહત મળશે. વેદોમાં આવા અનેક રોગોનું વર્ણન છે. તેમની દરેકની વિધિ રૂપી દવા પણ જુદી જુદી છે. તમારો રોગ પારખવામાં અને તેમાંની યોગ્ય દવા શોધી કાઢવામાં અમારા જેવા કુશળ કોઈ નથી. અમે વેદોનું રહસ્ય જાણીએ છીએ. તમને સ્વર્ગ જોતું હોય તો તેની પણ વિધિ અમે જાણીએ છીએ. સ્વર્ગમાં તો કોઈ જ સમસ્યા રહેતી નથી. દરેકે સ્વર્ગ મેળવવા પ્રયત્ન કરવો જ જોઈએ. સ્વર્ગમાં જે ભોગ અને ઐશ્વર્ય જોવા મળે છે તે બીજે ક્યાંય નહિ મળે. લોકો સુખોપભોગ અને ઐશ્વર્યની લાલસાથી તેમના પ્રભાવમાં આવી વિવિધ કર્મકાંડો કરતા દેખાય છે. (ભોગેશ્વર્ય પ્રસક્તાનામ્-૨/૪૪) આ લોકો પરમાત્મા પ્રત્યે ભક્તિભાવ રાખતા નથી પણ તેને પોતાના ભોગ-લાલસા પુરી કરનાર એક સાધન, દલાલ તરીકે જ જોતા હોય છે.

અર્જુન, વેદોમાં આપણા વિચારો, ભાવનાઓ અને ઈચ્છાઓને ગમે તેવી ઘણી વિગતો જોવા મળે છે (ત્રૈગુણ્ય વિષયો વેદા - ૨/૪૫) અર્જુન આપણે તો મન, પ્રાણ અને શરીરની પેલેપાર રહેલ અને તેમને સાધન તરીકે વાપરતા પરમાત્મ તત્ત્વને જાણવું છે (નિસ્ત્રૈગુણ્યો ભવાર્જુન ૨/૪૫) તેથી તું સુખદુઃખ રૂપી દ્વંદ્વોમાં સમતા રાખતા શીખ (નિર્દ્વન્દો) સતત આત્મભાવમાં સ્થિર રહે (નિત્યસત્ત્વસ્થો) ઉપજીવિકાની ચિંતા અને ઉપાધિમાંથી પોતાને મુક્ત રાખ (નિર્યોગક્ષેમ) અર્થાત જે મળે તેમાં સંતોષ માની જીવન જીવ, અને સાચા અર્થમાં પરમાત્મતત્ત્વને પોતાની દ્વારા કાર્ય કરતું અનુભવતા શીખ. (આત્મવાન) મોટુ જળાશય પાસે જ હોય તો નાના જળાશયની શોધ કરવી મુર્ખાઈ છે. 'યોગનિષ્ઠા' એ મોટું જળાશય છે. સ્વર્ગપ્રાપ્તિ એ નાનું જળાશય છે. તેથી સર્વવ્યાપિ પરમાત્મ તત્વને વેદોમાંથી જાણી લો. એટલું જ આપણને બસ છે (તાવાન્ સર્વેષુ વેદેષુ બ્રાહ્મણસ્ય વિજાનતઃ ૨/૪૬) (ક્રમશઃ)

---

અચિત્ તણી ઘૃણાસ્પદ મૂંગી ગર્તામાં
સુણાય છે અનંતના હૃદય ધબકાર.
ભાવશૂન્ય નિશીથ ઢાંકે પ્રભુની આનંદ-સમાધિ
એક અગાધ સીલ કરે પ્રકાશના આશ્ચર્યને.
- શ્રી અરવિંદ (૭.૧૧.૧૯૬૧)

# બાળ-વિભાગ

(શ્રી માતાજીની સુંદર કથાઓ પેજ ૩૦-૩૨)

## મઘમઘતું જીવન

- માન

અરબસ્તાનમાંનો એક દેશ ખોરાસાન. ત્યાંનો રાજા અમીર. ખૂબજ શોખિન અને વૈભવી જીવન જીવનાર. ખાવાનો પણ ખૂબ શોખિન. યુદ્ધે જાય તો પણ તેનાં રસોડાનો સરસામાન લઈ જવા ત્રણસો જુદા ઉંટ રાખવા પડતાં.

એક વખતે તેની અને પડોશનો રાજા ખલીફ ઈસ્માઇલ વચ્ચે કોઈ કારણસર આંટી પડી. કોઇ ગાંજ્યો જાય એમ નહોતો. અંતે યુદ્ધ શરુ થયું.

રાજા અમીર તો પોતાના લાવ-લશ્કર અને વિશાળ રસોડાના સરસામાન સાથે નિકળ્યો. મજલ દરમજલ કરતાં બન્નેના સૈન્ય સામ સામે આવી ઊભા રહ્યાં. ભયંકર યુદ્ધ ખેલાયું. દુર્ભાગ્યે અમીરનો પરાજ્ય થયો અને તે ખલીફ ઈસ્માઈલનો કેદી બન્યો.

બીજે દિવસે સવારે અમીરને કકડીને ભૂખ લાગી. સાથે કેદ થએલા રસોઇયાને કહ્યું ''મને કાંઈક ખાવા આપ.''

રસોઈઓ હતાશ થઈ તેની તરફ તાકી રહ્યો. પછી બોલ્યો, ''જહાંપનાહ, આપણા રસોડાનો સરસામાન અને ઉંટો તો ખલીફ ઈસ્માઈલે જપ્ત કરી સરકારી ખજાનામાં અને લશ્કરમાં જમા કર્યા છે. પણ કેદી તરીકે આપણને આ એક નાનકડો હાંડલો અને થોડુંક વાસી માંસ આપ્યું છે. હું તમને તે રાંધીને ખાવા આપું. સામેની ઝાડીમાં કોઈ શાકભાજી મળી જાય તો તે નાખીને આપને સ્વાદિષ્ટ કરી આપીશ.''

આમ કહી રસોઇઆએ હાંડલામાં થોડું પાણી નાખી પેલું માંસ નાખી પથ્થરનો ચુલો કરી તેની ઉપર રાંધવા મુક્યું અને પોતે શાકભાજી લેવા ઊપડી ગયો.

ભૂખનો માર્યો અમીર હાંડલા તરફ જ થોડી થોડી વારે જોતો હતો. થોડીવારમાં માંસ રંધાવાની ગંધ આવવા લાગી અને અમીરને વધારે ભૂખ લાગી.

તે ઉતાવળો થવા લાગ્યો. પણ કરે શું ?

ત્યાં માંસના રાંધવાના ગંધથી આકર્ષાઈને એક ભૂખ્યું કુતરું ત્યાં આવ્યું. તેણે ઉતાવળે હાંડલામાં ખાવા મોઢું નાખ્યું. પણ ઉકળતા પાણીની વરાળથી આંખો અને મોઢું દાઝતા મોઢું પાછું ખેચ્યું. પણ હાંડલાનું મોઢું સાંકડું હોવાથી તે તેના ગળામાં અટવાઈ ગયું. કુતરું તો અથડાતું કુટાતું હાંડલા સાથે જ રોતું કકળતું અહિં તહિં દોડવા માંડ્યું.

અમીરે આ જોયું અને તે ખડખડાટ હસવા માંડ્યો. હસવામાંથી ઉંચો જ ન આવે. ચોકી કરતો અમલદાર દોડતો આવ્યો. તે બોલ્યો.

''અમીર, આ હસવાની વાત નથી. આજે તને હવે માંસ નહિ મળે. તને અને રસોઈઆને ભૂખ્યા જ રહેવું પડશે.''

અમીર બોલ્યો, ''ભાઈ, મને પરવર દિગારની રહેમ જોઈ હસવું આવે છે. આજ સુધી મારા રસોડાનો સરસામાન ઉંચકવા ત્રણસો ઉંટ ઓછા પડતા. ઉંટ તો તમારા રાજાએ જપ્ત કર્યા. પણ અલ્લાહ ઉદાર છે. તેણે મારા રસોડાનો સરસામાન ઉંચકવા આ કુતરું મોકલી આપ્યું. તેણે એકલાએ પુરેપુરું રસોડું ઉંચકી લીધું છે. અલ્લાહની પણ મહેર હોય છે. તેણે મને બે વાત શિખવી. બધી પરિસ્થિતિમાં ખુશ રહે કારણ અલ્લાહની મહેર તારી સાથે છે અને તું તે મહેરબાની માટે શુક્રગુજાર થા. આજે રોજો રાખ.

અમીર જમીન ઉપર ઘુંટણીએ બેસી ગયો અને આંખોમાં આંસુ સાથે નમાજ પઢવા લાગ્યો.

આવી જ બીજી વાર્તા કહું.

ઈરાનમાં એક બાઈ મધ વેચતી હતી. તેનું બોલવું પણ મધ મીઠું. તેથી તેની ઘરાકી વધતી જ ગઈ. લોકો કહેતા આ બાઈ ઝેર વેંચશે તો પણ તે લેવા અહિં ઘરાકોની કતાર લાગશે.

આ ઘટના એક બીજા માણસે જોઈ. તેને લાગ્યું કે આ ધંધો કરવા જેવો છે. તેણે તે બાઈની દુકાનની પડખે જ બીજી દુકાન કરી અને તે પણ મધની જ; અને ભાવ પણ ઓછો રાખ્યો.

પણ તેનો સ્વભાવ ચીડીયો. કોઈ તેની સાથે બોલે તોય તેને ચીડ ચડે. ન બોલે તો વધારે ચીડ ચડે. દર વખતે ઘરાકને કહે, ''આ તો હું તમને સાચવું છું, બીજું કોઈ તમને સંઘરે પણ નહિ.''

ધીમે ધીમે લોકો ત્યાં જતા બંધ થયા. પેલી મધમીઠી બાઈને ત્યાંથી જ મધ ખરીદે. લોકો મશ્કરીમાં બોલતા, ''પેલા ભાઈનું તો મધ પણ કડવું ઝેર જેવું છે. મફતમાં પણ કોઈ લે નહિ.''

તે ભાઈ આથી દુ:ખી દુ:ખી થઈ ગયો.

મમ્મી બોલ્યાં, '' બેટા, આપણે બધા ભગવાનના ઘેરેથી અહિ મધ વેંચવા જ આવ્યાં છીએ. જીવનનું મધ એટલે પ્રેમ. બેટા આપણે સદા આનંદમાં રહેતા શિખવું જોઈએ, કપરી પરિસ્થિતિમાં પણ. પેલા રાજા અમીરની જેમ ! આપણે આનંદમય રહેશું, ખુશ રહેશું, બધાને ખુશી આપી પણ શકીશું. તેથી બેટા રોજ પ્રભુને પ્રાર્થના કરવી. પ્રભુ તમે જેમ રાખો તેવા અમે રહીશું અને તમારી જેમ આનંદમાં જ; કારણ અમે તમારા જ બાળકો છીએ.

''બેટા, તું તો મારો ગુડ બોય છે. તું પ્રભુની ઈચ્છા પુરી કરીશ.''

''હા, મમ્મી, હું તારો અને પ્રભુનો બન્નેનો ગુડ બોય છું. હું સદા આનંદમાં જ રહીશ અને બધાને આનંદ જ આપીશ.''

''પ્રોમીસ''

''પ્રોમીસ મમ્મી.''

## આપણી અભીપ્સા

November 24, 1972

Beyond all preferences and limitations there is a ground of mutual understanding where all can meet and find their harmony, It is the aspiration for a divine consciousness. - The Mother

આપણી બધી અભિરૂચિઓની અને મર્યાદાઓની પાર, જ્યાં એક બીજાને સમજી લેવાય એવી ભૂમિકા છે અને ત્યાં સર્વે લોક મળી શકે છે અને પોતાનો સુમેળ સાધી શકે છે, એ છે એક દિવ્ય ચેતના માટેની અભીપ્સા – શ્રી માતાજી

# સિદ્ધિદિન

(પ્રાસંગિક)

- માન

૨૪ નવેમ્બર ૧૯૨૬ સાંજના સાડા પાંચનો સમય. આશ્રમવાસી પોતાનું દૈનંદિન કાર્ય પતાવી પાછા આવેલાં. વૃદ્ધો દરિયા કિનારે ફરવા નિકળેલા. રોજના જેવી જ સંધ્યા ખીલી હતી. ઠંડો મધુર, શ્રમહારક પવનની લહેરકીઓ આવી રહી હતી. પણ તે દિવસ સામાન્ય નહોતો.

માતાજીનો તાકીદનો સંદેશ વહેતો થયો. વરંડામાં જલદી પહોંચો. લાકડીયા તારે કામ કર્યું. કર્ણોપકણ બધાને જાણ થઈ. ૬.૩૦ સુધીમાં ચોવીસ જણા ભેગા થઈ ગયા. અંધકારના ઓળા ઉતરી આવ્યા હતા. સાધકો પ્રકાશિત વરંડામાં ગોઠવાઈ ગયા હતાં. શાંતિનું ગહન પડળ બંધાઈ ગય હતું. શ્રી અરવિંદના પ્રવેશદ્વાર ઉપર કાળો રેશમી પડદો લટકાડેલો હતો. તેની ઉપર ત્રણ ચીની ડ્રેગનની આકૃતિઓ સોનેરી ભરતકામથી ભરેલી હતી. ત્રણે એકથી એક ઉપર સ્પર્શતા દર્શાવેલા. ચીનમાં માન્યતા છે કે આ ભવિષ્યની મહાન આધ્યાત્મિક ઘટનાનું પ્રતીક છે. જ્યારે પૃથ્વી, અંતરીક્ષ અને આકાશ (ભુભુર્વઃસ્વઃ) એક બીજાને સ્પર્શી અખંડ બનશે ત્યારે પૃથ્વી ઉપર ભૌતિક કક્ષાએ સત્યનો આવિર્ભાવ થશે.

વાસ્તવિક એમ જ બન્યું. આજે દૈવ-લોકનું સત્ય ભૂતલે પ્રગટ થયું.

સાધકો મસ્તક ઉપર શાંતિનું અસહ્ય દબાણ અનુભવી રહ્યાં હતાં. બધાને વાતાવરણ ચાર્જ્ડ્ લાગતું હતું.

પરિચિત ટકોરો દ્વાર પર પડ્યો. બધા સાવધ થયાં. બારણું ખુલ્યું. માતાજી અને શ્રી અરવિંદ દેખાયા. માતાજીએ શ્રી અરવિંદને અગ્રેસર થવા સૂચન કર્યું. શ્રી અરવિંદની માતાજી પહેલા પ્રવેશે એવી ઈચ્છા જણાઈ. માતાજી પ્રથમ પ્રવેશ્યા. શ્રી અરવિંદે ખુરશી ઉપર સ્થાન ગ્રહણ કર્યું. માતાજી ખુરશીની જમણી બાજુ નાના સ્ટુલ ઉપર બેઠાં. બધાં ધ્યાનમાં ઉતરી ગયા હતાં. પીસ્તાલીસ મિનીટ ધ્યાન ચાલ્યું. ધ્યાન દરમિયાન દરેકને જુદી જુદી અનુભૂતિ આવી. કોઈને દિવ્યપ્રકાશના અવતરણની, કોઈને આંતર-દર્શનની, કોઈને ગહન શાંતિની, કોઈને દિવ્યજ્ઞાનનાં ઝબકારાની. માતાજી અને શ્રી અરવિંદે આશ્રમવાસીને ક્રમશઃ

આશિર્વાદ આપ્યાં.

પણ ખરેખર શું બની રહ્યું છે તેનો ક્યાસ કોઈને નહોતો. માતાજી અને શ્રી અરવિંદ અંદર જતાં રહ્યાં. પણ વાતાવરણના દબાણમાં સહુ મૌન હતાં.

ત્યાં મિસ દત્તા સહસા આંતરપ્રેરણાથી બોલ્યા. આજે ભગવાન સ્થૂલ ભૂમિકામાં અવતરણ પામ્યાં છે. ખરેખર તે જ વાસ્તવિકતા હતી. આજે વર્ષોથી જેની વાટ જોવાતી હતી તે અધિમનસનું અવતરણ થયું હતું.

અધિમનસ એટલે દેવતાઈ જગત. આ કક્ષા મનના ક્ષેત્રના સર્વોચ્ચ કક્ષાની છે જ્યારે હજી મનોમય ભેદબુદ્ધિ-'જગતથી હું જુદો છું' એ ભાવ થોડોક ટકી રહેલો હોય છે અને તેમ છતાં પ્રભુની જ્ઞાનશક્તિ સ્વરૂપા પ્રજ્ઞા પ્રગટ રીતે કામ કરવા માંડે ત્યારે આવી દેવતાઈ કક્ષા સર્જાય છે. પ્રજ્ઞાશક્તિથી બાહ્ય કે આંતર ઈન્દ્રિયોના ઉપયોગ વગર જ સીધે સીધું જ્ઞાન મળવાની શરૂઆત થાય છે. તે આંતરપ્રેરણા સ્વરૂપ હોય છે. દેવો એકબાજુ પ્રભુ સાથે તો બીજી બાજુ જગત સાથે જોડાએલાં હોય છે. તેથી દેવોમાં આત્માની જન્મજાત ક્ષમતાઓ સ્વાભાવિક રીતે પ્રગટ થતી હોય છે. તેમને ભૌતિક શરીર કે શૂક્ષ્મશરીરની મર્યાદાઓ નડતી નથી.

આવી ચેતના મહાભારત યુદ્ધ દરમિયાન અપવાદાત્મક કિસ્સા તરીકે ભગવાન શ્રીકૃષ્ણમાં ગીતા-કથન વખતે ઉતરી આવી હતી. પણ તે ઘટના અને આજની ઘટનામાં તફાવત હતો. તે વખતની સિદ્ધિ એ ભગવાન શ્રી કૃષ્ણની અપવાદાત્મક સિદ્ધિ રહી હતી, જ્યારે આજે તે સિદ્ધિ પૃથ્વી તત્વે પોતે ધારણ કરીને તેને ઉત્ક્રાંતિમાં પ્રયોજી હતી. પણ જગતના વિકાસમાં આવું જ બનતું હોય છે. પ્રથમ વ્યક્તિગત સિદ્ધિ પછી સામુહિક-સિદ્ધિ.

અધિમનસમાંથી પસાર થયા વગર અતિમનસનો સાક્ષાત્કાર સંભવ નથી. હવે શ્રી અરવિંદ સીધે સીધા અતિમનસના નિમ્ન સ્તર સાથે સંપર્ક કરી શકવાની શક્યતા કેળવી શક્યા હતા. આ જ તે સાચી સિદ્ધિ છે.


માતાજીએ દેવતાઈ જગત અને માનવોનો સંબંધ કેવો હોવો જોઈએ તે માટે વિગતે વાત કરી છે. તેઓ જણાવે છે કે તેઓ પ્રભુના સંકલ્પને ભૂતળે સાકાર કરવા મથતા દૈવી સત્વો છે. માનવે તો પ્રભુને પોતામાં ધારણ કરી રાખેલાં જ છે. માનવમાંના પ્રભુને વિકસાવવા જ દેવો કાર્ય કરતા હોય છે. તેથી માનવ અને દેવો વચ્ચેનો સંબંધ ભરવાડ અને તેના ઘેટાં જેવો માલિક અને ગુલામનો નથી પણ પરસ્પરને મદદરૂપ થનાર મિત્રોનો છે. શ્રીકૃષ્ણ પહેલી વ્યક્તિ હતાં જેમણે આ સત્ય જગત સામે રજુ કર્યું. (પરસ્પરં ભાવયતઃ શ્રેયઃ પરમવાપ્સ્યથ - ગીતા ૩/૧૧)

માનવ જેમ અન્ય માનવને સાધનામાં મદદરૂપ થઈ શકે છે, તેમ દેવો પણ થઈ શકે છે. તેથી દેવોથી ભય પામ્યા વગર તેમના નિર્ભય મિત્ર બની રહો. અને તેમની મદદ જરૂર પડે મેળવો. આ જ સાચો અને યોગ્ય સંબંધ છે. પુરાણોમાં દેવોની સહારે યુદ્ધે ચડેલા મહામાનવોની વાતો આવે જ છે.

તેથી પૂર્ણયોગના સાધકે દૈવીસત્વો તે અતિમનસના ન નહોવાથી હીનભાવથી ન જોતા આદરયુક્ત પ્રેમભાવ અને સખ્યભાવ રાખી તેમની મદદ ખુલ્લા દિલથી સ્વિકારવી જોઈએ કારણ ઉત્ક્રાંતિ આ દેવો અને માનવોનો આ દેવો માનવાનો સહિયારો યજ્ઞ છે. માતાજીએ પાસેના ગણપતિ મંદિરમાં પ્રતિષ્ઠાપિત ગણપતિની મદદ આશ્રમની આર્થિક સ્થિતિ સુધારવા માટે લીધેલી. બદલામાં તે મંદિર માટે આશ્રમની જગ્યા પણ આપેલી. શ્રી અરવિંદને વેદોનું રહસ્ય સમજવામાં ઈલા, મહિ સરસ્વતિ, ત્રણે વેદકાલિન દેવીઓની મદદ મળેલી. ઈલા આંતપ્રેરણા અને આંતર ઉજાશના દેવી છે. મહિ ચેતનાને વિશાલ કરતી દૈવી-શક્તિ છે જ્યારે સરસ્વતિ દિવ્યજ્ઞાનને જીવનદ્વારા પ્રગટ કરતી દૈવી-શક્તિ છે.

આવી મદદ સહુને મળતી જ હોય છે. આપણે તે બાબત સભાન હોતા નથી. એટલું જ ગૂઢશાસ્ત્રોએ આ વાસ્તવિકતા સ્વિકારી છે કે દરેક સાધકને શૂક્ષ્મ જગતમાં ગુપ્તરીતે રહી દેવો તેની સાધનામાં મદદરૂપ થતા હોય છે. તેમની મદદ માનસિક કક્ષાની જ હોય છે. અથવા પ્રાણમય કે શારીરિક કક્ષાની જ હોય છે. તેઓ ઉત્ક્રાંતિનાં એન્જીનિયર્સ હોય છે. અને તેથી તેમનો ઉત્ક્રાંતિમાં પ્રવેશેલ યોગ્ય વ્યક્તિ સાથે સંબંધ હોય છે. તફાવત એટલો જ છે કે દરેક સાધક તેની પોતાની સમજણ અને ધાર્મિક માન્યતા મુજબ તે દૈવી સત્વોને ઓળખતો હોય છે. તેમના નામ અને સ્વરૂફ બાબત માન્યતા ધરાવતો હોય છે. સાચા સાધકે અન્યોની ધાર્મિક માન્યતાઓને ધક્કો લગાડ્યા વગર તેને શુદ્ધ, નિર્મળ અધ્યાત્મ શાસ્ત્ર ભણી લઈ જવો જોઈએ. જે શ્રીકૃષ્ણે અર્જુન માટે કરેલ હતું.

અહો, અખિલ તું મુદા, અખિલ તું જ સૌદર્ય છે,
ત્વદર્થ મુજ અંધ તેથી મતિ-મુગ્ધ આત્મા ઝુરે;
હરેક વસમાંહિ ગુહ્ય તવ સ્પર્શ તેને મળે,
અને પુલકી તે ઊઠે પરમ એ મુદા-ભારથી.
- શ્રી અરવિંદ (૪.૧૦.૧૯૬૦)



**શ્રી અરવિંદ**

શાશ્વત અવતારાય, શ્રી અરવિંદાય નમોસ્તુતે ।
દિવ્યસૃષ્ટિ રચનાર્થં ત્વયા દત્તં સ્વજીવનમ્ ।

REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS FOR INDIA
No. 07598/22 A.K. 9 - T.C. REGD. No.GRJ-303



આ જ એક જ કામ,
તું વરસત આઠો યામ,
મહા પ્રપાત પરમ તવ ગતિનો,
એ ઝીલી લઈએ - લેતા હા બનીએ,
સજગ-સભાન રહી રસ તારો
'અલખ નિરંજન' કહેતા એમાં
લીન બની, અમ અંગ લપેટી લઈએ.

**પળ પળ કો નવ જન્મ પ્રગટતા,**
**પ્રખર પ્રભા તવ બનીએ.**

– સુંદરમ્

DATE OF POSTING : 1st OF EVERY MONTH